RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 75* Date: 10.01.2022 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ૧૦ રાજ્યમાં જ સવા લાખથી વધુ દર્દી

# ત્રીજી લહેરમાં પ્રથમ વખત એક જ દિવસમાં ૧.૫૦ લાખથી વધુ કેસ

,નવીદિલ્હી,તા.૯

દેશમાં કોરોના મહામારીની ત્રીજી લહેરમાં સંક્રમણનો આંકડો પ્રથમ વખત દોઢ લાખને વટાવી ગયો છે. ૨૪ કલાકમાં સંક્રમણના ૧ લાખ ૫૮ હજાર ૪૬૨ કેસ નોંધાયા છે. આજે ૪૦ હજારથી વધુ લોકો સાજા થયા છે, જ્યારે ૩૨૭ લોકોનું સંક્રમણથી મૃત્યુ થયું છે. રાજ્યોની વાત કરવામાં આવે તો મહારાષ્ટ્ર(૪૧,૪૩૪), દિલ્હી(૨૦,૧૮૧) અને બંગાળ(૧૮,૮૦૨)માં સૌથી વધુ દર્દી નોંધાયા છે. ૧૦ રાજ્યમાં જ ૧.૨૬ લાખથી વધુ લોકો સંક્રમિત થયા છે.

આ પહેલાં દેશમાં શુક્રવારે ૧૪૧૯૮૬ અને ગુરુવારે ૧ લાખ ૧૭ હજાર ૧૦૦ નવા કેસ નોંધાયા હતા. દેશમાં અત્યારસુધીમાં ૩.૫૫ કરોડ લોકો મહામારીને પગલે સંક્રમિત થયા છે, જ્યારે સાજા થનારાઓનો આંકડો ૩.૪૪ કરોડ છે. દેશમાં હાલ કુલ એક્ટિવ કેસનો આંકડો ૫ લાખ ૮૩ હજાર ૬૩૭ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડાઓ મુજબ, દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વધીને ૫,૯૦,૬૧૧ થઈ છે. દેશમાં રોજ નોંધાતા કોરોનાના કેસે ૨૨૪ દિવસનો રેકોર્ડ તોડ્યો છે. દેશનાં ૨૭ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં અત્યારસુધીમાં કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટના કુલ ૩૨૬૩ કેસ નોંધાયા છે. આ પૈકીના ૫૫૨ કેસ નવા નોંધાયા છે. ૧૪૦૯ લોકો સાજા થયા છે. દેશમાં મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના કેસ ૧૦૦૯ છે. દિલ્હીમાં ૫૧૩, કર્ણાટકમાં ૪૪૧, રાજસ્થાનમાં ૩૭૩, કેરળમાં ૩૩૩, ગુજરાતમાં ૨૦૪ કેસ નોંધાયા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલએ લોકડાઉન આપવા બાબતે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે હાલ લોકડાઉન આપવાનો કોઈ પ્લાન નથી. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે જો લોકો માસ્ક પહેરવાનું ચાલુ રાખશે તો લોકડાઉન આપવું નહિ પડે. મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં ૧૦ જાન્યુઆરી, એટલે કે સોમવાર રાતના ૧૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યૂ લાગુ કરશે. સ્કૂલ, કોલેજ અને કોચિંગ ક્લાસિસ ૧૫ ફેબ્રુઆરી સુધી બંધ રહેશે. મોલ અને સલુન ૫૦ ટકા ક્ષમતાની સાથે સંચાલિત થશે.રાજસ્થાનમાં નવી ગાઈડલાઈન લાગુ થઈ ગઈ છે. હવે લગ્ન સમારંભથી લઈને સાર્વજનિક ઈવેન્ટમાં એ જ લોકો સામેલ થશે, જેમણે વેક્સિનના બે ડોઝ લગાવી લીધા છે.મુંબઈની સૌથી મોટી સ્લમ ધારાવીમાં શનિવારે ૭૨૯ લોકો પોઝિટિવ આવ્યા છે.

હરિયાણાના ડેપ્યુટી સીએમ દુષ્યંત ચૌટાલા કોરોના પોઝિટિવ થયા છે. તેમણે પોતે જ આ અંગેની માહિતી આપી છે.

૧. મહારાષ્ટ્ર અહીં શનિવારે ૪૧,૪૩૪ લોકો સંક્રમિત થયા છે. ૯,૬૭૧ લોકો સાજા થયા અને ૧૩ લોકોનાં મૃત્યુ થયાં છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૬૮.૭૫ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાંથી ૬૫.૫૭ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧,૪૧,૬૨૭ લોકોનાં મૃત્યુ થયાં છે.

૨. દિલ્હી અહીં શનિવારે ૨૦,૧૮૧ લોકો સંક્રમિત થયા છે. ૧૧,૮૬૯ લોકો સાજા થયા છે અને ૭નાં મૃત્યુ થયાં છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૧૫.૨૬ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાંથી ૧૪.૫૩ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૨૫,૧૪૩ લોકોનાં મૃત્યુ થયાં છે, ૪૮,૧૭૮ દર્દીઓની સારવાર હાલ ચાલી રહી છે.

૩. પશ્ચિમ બંગાળ અહીં શનિવારે ૧૦,૯૭૮ લોકો સંક્રમિત થયા છે. ૧૫૨૫ લોકો સાજા થયા અને ૧૦ દર્દીનાં મૃત્યુ થયાં છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૨૭.૮૭ લાખથી વધુ લોકો સંક્રમિત થયા છે, તેમાં ૨૭.૧૦ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૩૬,૮૪૩ લોકોનાં મૃત્યુ થયાં છે. અહીં એક્ટિવ કેસ ૪૦,૨૬૦ છે.

૪. તામિલનાડુ અહીં શનિવારે ૧૦,૯૭૮ લોકો સંક્રમિત થયા છે, ૧૫૨૫ લોકો સાજા થયા છે અને ૧૦ દર્દીનાં મૃત્યુ થયાં છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૨૭.૮૭ લાખથી વધુ લોકો સંક્રમિત થયા છે, તેમાંથી ૨૭.૧૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૩૬,૮૪૩ લોકોનાં



મૃત્યુ થયાં છે. અહીં એક્ટિવ કેસ ૪૦૨૬૦ છે.

૫. કર્ણાટક અહીં શનિવારે ૮,૯૦૬ લોકો સંક્રમિત થયા છે, ૫૦૮ લોકો સાજા થયા અને ૪ લોકોનાં મૃત્યુ થયાં છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૩૦.૩૯ લાખ લોકો સંક્રમિત થયા છે, તેમાંથી ૨૯.૬૩ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૩૮,૩૬૬ લોકોનાં મૃત્યુ થયાં છે, ૩૮,૫૦૭ દર્દીઓની હાલ સારવાર ચાલી રહી છે.૧. રાજસ્થાન અહીં શનિવાર ૪૧૦૮ લોકો સંક્રમિત થયા છે, ૨૨૭ લોકો સાજા થયા, જ્યારે ૨ લોકોનાં મૃત્યુ થયાં છે.૨. મધ્યપ્રદેશ અહીં શનિવારે ૧૫૭૨ લોકો સંક્રમિત થયા છે, ૧૬૬ લોકો સાજા થયા, જ્યારે એકપણ મૃત્યુ થયાં નથી. અત્યારસુધીમાં રાજ્યમાં ૭.૯૯ લાખથી વધુ લોકો સંક્રમિત થયા છે.

# સંસદ ભવનના ૪૦૦થી વધુ કર્મચારીઓ કોરોના પોઝીટીવ

નવીદિલ્હી,તા.૦૯

મહારાષ્ટ્ર અને દિલ્હીમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું કે ઓમિક્રોન સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયું છે, તેથી અમે તમામ દેશોમાંથી મહારાષ્ટ્ર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરતા તમામ લોકો માટે ૭ દિવસની ક્વોરેન્ટાઈન ફરજિયાત બનાવી રહ્યા છીએ. એક ખાસ એપ દ્વારા તેનું મોનિટરિંગ કરવામાં આવશે. તે જ સમયે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભોપાલમાં અધિકારીઓ સાથે કોરોના પર સમીક્ષા બેઠક યોજી હતી. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૪૧,૪૩૪



નવા કેસ નોંધાયા છે, ૯,૬૭૧ લોકોને રજા આપવામાં આવી છે અને કોરોનાને કારણે ૧૩ લોકોના મોત થયા છે. અહીં એક્ટિવ કેસોની સંખ્યા ૧,૭૩,૨૩૮ છે. તે જ સમયે, મહારાષ્ટ્રમાં આજે ઓમિક્રોનના ૧૩૩ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૧,૦૦૯ કેસ નોંધાયા છે. તે જ સમયે, મહારાષ્ટ્રમાં ૧૦ જાન્યુઆરીથી નાઈટ કર્ફ્યુ લાગુ કરવામાં આવશે, રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ લાગુ રહેશે. એક સાથે પાંચ કે તેથી વધુ લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સ્વિમિંગ પુલ, જીમ, સ્પા, બ્યુટી સલૂન, પ્રાણી સંગ્રહાલય અને મનોરંજન પાર્ક બંધ રહેશે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૦,૧૮૧ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૧૧,૮૬૯ લોકોને રજા આપવામાં આવી હતી અને ૭ લોકોના મોત થયા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૪૮,૧૭૮ છે. દૈનિક પોઝિટિવિટી દર ૨૦ ટકાની નજીક પહોંચી ગયો છે. દિલ્હીમાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૨૫,૧૪૩ લોકોના મોત થયા છે.દેશમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. આ વચ્ચે સંસદ ભવનમાં મોટો કોરોના વિસ્ફોટ થયો છે. ૪૦૦થી વધુ કર્મચારીઓ કોરોના પોઝિટીવ હોવાની માહિતી સામે આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે ૬-૭ જાન્યુઆરીએ દરેકનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે દેશમાં જે રીતે કોરોના વધી રહ્યો છે તે ખરેખર ચિંતાનો વિષય છે. દરરોજ કોરોનાના કેસમાં ધરખમ વધારો થયો છે. બીજી તરફ ઘણા રાજ્યોમાં મંત્રીઓ અને નેતાઓ ઓમિક્રોન અને કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૧,૪૧,૯૮૬ નવા કેસ નોંધાયા છે, જ્યારે મહામારીને કારણે ૨૮૫ લોકોના મોત થયા છે. તે જ સમયે, ૪૦,૮૯૫ લોકો સાજા પણ થયા છે. દેશના ૨૭ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૩,૦૭૧ કેસ નોંધાયા છે. સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧,૨૦૩ છે.

# દેશમાં સતત વધી રહેતા કેસ સામે વડાપ્રધાન મોદીએ ઈમરજન્સી મીટીંગ કરી

ન્યુદિલ્હી, તા.૦૯

દેશમાં કોરોના મહામારીની ત્રીજી લહેરમાં પોઝિટિવિટીના આંકડા પહેલી વખત દોઢ લાખને પાર થઈ ગયા છે. ૨૪ કલાકમાં સંક્રમણના ૧ લાખ ૫૯ હજાર ૪૨૪ કેસ સામે આવ્યા છે અને ૩૨૭ લોકોના મોત નિપજ્યા છે. આજે ૪૦,૦૦૦થી વધુ લોકો રિકવર થયા છે.દેશમાં કોરોનાની ત્રીજી લહેર લોકોને ડરાવી રહી છે. ઝડપથી વધી રહેલા કેસ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈમરજન્સી મીટિંગ કરી. આ વર્ચ્યુઅલ મીટિંગમાં દેશમાં કોરોનાની સ્થિતિ સમીક્ષા કરવામાં આવી. સમીક્ષા બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા, કેબિનેટ સચિવ રાજીવ ગાબા, ગૃહસચિવ અજય ભલ્લા, સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણ, ICMRના DG સહિત અનેક અધિકારીઓ સામેલ થયા. આ પહેલાં વડાપ્રધાન મોદીએ ૨૨ ડિસેમ્બર અને ૨૬ નવેમ્બરે કોરોનાની સ્થિતિની સમીક્ષા કરી હતી. બંને જ મીટિંગમાં ઁસ્એ ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ પર જોર આપ્યું હતું. તેઓએ દવાઓ અને ઓક્સિજનની ઉપલબ્ધતાને લઈને પણ નિર્દેશ આપ્યા હતા. વડાપ્રધાન મોદીએ ૨૨ ડિસેમ્બરે દેશમાં કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટને લઈને અધિકારીઓ સાથે હાઈ લેવલ રિવ્યૂ મીટિંગ કરી હતી. લગભગ એક કલાક ચાલેલી આ બેઠકમાં હેલ્થ મિનિસ્ટ્રી સહિત ઘણા વિભાગોના અધિકારીઓ સામેલ થયા હતા. વડાપ્રધાને સ્થિતિની માહિતી લેવાની સાથે સરકારની તૈયારીઓ પણ જાણી હતી. ઁસ્એ અધિકારીઓને દવાઓ અને ઓક્સિજનનો સ્ટોક વધારવાના નિર્દેશ આપ્યા હતા. સાથે જ ટેસ્ટિંગ અને ટ્રેસિંગ વધારીને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સારુ કરવા પર ભાર આપ્યો હતો. વિશ્વમાં ઓમિક્રોન વેરિયન્ટની શરૂઆતમાં ૨૬ નવેમ્બરે વડાપ્રધાને અધિકારીઓની બેઠક બોલાવીને ઈન્ટરનેશનલ ટ્રાવેલમાં છૂટ આપવાના પ્લાનિંગ પર બીજી વખત વિચારણા કરવાનું કહ્યું હતું. દેશમાં કોરોના મહામારીની ત્રીજી લહેરમાં સંક્રમણનો આંકડો પહેલી વખત દોઢ લાખને વટાવી ગયો છે. ૨૪ કલાકમાં સંક્રમણના ૧ લાખ ૫૯ હજાર ૪૨૪ કેસ પ્રકાશમાં આવ્ય છે અને ૩૨૭ લોકોના મૃત્યુ થયા છે. આજે ૪૦,૦૦૦થી વધુ લોકો સાજા થયા છે. દેશમાં ઓમિક્રોનના કેસ પણ ખૂબ જ ઝડપથી વધી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ નવા દર્દી નોંધાયા છે. તેની સાથે જ દેશમાં ઓમિક્રોનના કુલ દર્દીઓની સંખ્યા ૩૬૨૩ થઈ છે. આ વેરિયન્ટથી સંક્રમિત થયેલા ૧૪૦૯ દર્દી સાજા થયા છે.

# રેલ મંત્રાલયમાં કોરોનાનો વિસ્ફોટ થતા ૧૨૭ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા

,નવીદિલ્હી,તા.૯

દેશમાં કોરોનાની ગતિ હવે તેજ થઈ રહી છે. રોજ ૧ લાખથી ઉપર કોરોનાનાં કેસ સામે આવી રહ્યા છે. કોરોનાની ઝપટમાં હવે રેલ મંત્રાલય પણ આવી ગયુ છે. રેલ મંત્રાલયમાં કોરોનાનો વિસ્ફોટ થતા ૧૨૭ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા હોવાનુ સામે આવી રહ્યુ છે. નવા વર્ષમાં રેલ્વે મંત્રાલયમાં કોરોના બોમ્બ ફૂટ્યો છે. જાન્યુઆરીનાં પ્રથમ સપ્તાહમાં ૧૨૭ રેલ્વે અધિકારી-કર્મચારીઓ કોરોના ટેસ્ટમાં પોઝિટિવ મળી આવ્યા છે. તેમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કક્ષાનાં મલ્ટી ટાસ્ક સ્ટાફનો સમાવેશ થાય છે. કોરોના પોઝિટિવ આવતા લોકોમાં મોટી સંખ્યામાં રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)નાં જવાનો અને ઈન્સ્પેક્ટર્સનો સમાવેશ થાય છે. આ સાથે તમામ ડિરેક્ટોરેટનાં વડાઓને તાબાનાં કર્મચારીઓને બે રસી અપાવવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. રેલ્વે મંત્રાલયે શુક્રવારે કોરોના ટેસ્ટમાં પોઝિટિવ આવેલા રેલ્વે અધિકારીઓ-કર્મચારીઓની યાદી જાહેર કરી છે. જેમાં ૭ જાન્યુઆરી, ૨૦૨૨ (એક અઠવાડિયા) સુધી કોરોના પોઝિટિવ મળી આવેલા રેલ અધિકારીઓ-કર્મચારીઓનાં નામ, પદ, રેલ ભવનમાં રૂમનાં નંબર, ઘરનું સરનામુ, મોબાઈલ નંબર અને રેલ મંત્રાલયમાં ડ્યુટીનાં અંતિમ દિવસનો ઉલ્લેખ છે.

મંત્રાલયનાં અધિકારીએ જણાવ્યું કે, કોરોના ટેસ્ટમાં પોઝિટિવનો રિપોર્ટ ૭ જાન્યુઆરીએ આવ્યો છે અને ૯૫ ટકા સંક્રમિત કર્મચારીઓ ૭ જાન્યુઆરીએ રેલ ભવન ખાતે ફરજ પર આવ્યા છે. આ કારણે તેના રૂમમાં અને તેમને મળવા આવનારાઓમાં કોરોના સંક્રમણ ફેલાવાનો પૂરેપૂરો ભય છે. આ કર્મચારીઓ રેલ ભવનનાં પહેલા, બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાં અને ગ્રાઉન્ડ ફ્લોર પર બેસે છે. એટલે કે રેલ ભવનનાં તમામ ફ્લોર પર કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. મોટાભાગનાં કોરોના પોઝિટિવ કર્મચારીઓ દિલ્હીમાં રહે છે. આ સિવાય તેઓ નોયડા, પલવેલ, મેરઠ, ગાઝિયાબાદ, ફરીદાબાદ, દૌસા (રાજસ્થાન), મહેન્દ્રગઢ, બહાદુરગઢ (હરિયાણા) વગેરે શહેરોમાં રહે છે.

# નીટ પીજી ૨૦૨૧ કાઉન્સેલિંગ ૧૨ જાન્યુઆરીથી યોજાશે, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન

નવીદિલ્હી,તા.૯

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ પીજી એટલે કે નીટ પીજી કાઉન્સેલિંગ ૨૦૨૧ની પ્રક્રિયા ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨થી શરૂ થશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ રવિવાર, ૯ જાન્યુઆરીએ નીટ કાઉન્સિલિંગની તારીખોની જાહેરાત કરી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કહ્યું કે નીટ કાઉન્સેલિંગ બુધવાર, ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ થી શરૂ થશે.

વાસ્તવમાં નીટ પીજી ૨૦૨૧ કાઉન્સેલિંગ અને આરક્ષણના મામલે, સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય આપતાં, નીટ પીજી કાઉન્સેલિંગ ૨૦૨૧ને મંજૂરી આપી દીધી છે. અગાઉ, નીટ પીજી કાઉન્સેલિંગમાં વિલંબના વિરોધમાં રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર ઉતરી ગયા હતા.૬ જાન્યુઆરીના રોજ, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કોર્ટની સુનાવણી પછી તરત જ નીટ પીજી કાઉન્સેલિંગ પ્રોગ્રામ સાથે બહાર આવવાની ખાતરી આપી હતી. આ પ્રક્રિયાને આગળ વધારતા મંત્રાલય દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ એએસ બોપન્નાની બેંચે કહ્યું કે વર્ષ ૨૦૨૧-૨૨ માટે નીટ પીજી માટે કાઉન્સેલિંગ અગાઉના માપદંડોના આધારે થશે. આઈએમએના રાષ્ટ્રીય અધ્યક્ષ સહજાનંદ પ્રસાદ સિંહ ૩૦ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા અને અન્ય સભ્યો સાથે મળ્યા હતા. તેમણે મેડિકલ પીજી કોર્સમાં એડમિશનમાં વિલંબની સમસ્યાનો ઉકેલ લાવવા અપીલ કરી હતી. તબીબોના શાંતિપૂર્ણ વિરોધ પર પોલીસની કાર્યવાહી સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

# રાજ્યસભા સચિવાલયમાં ૫૦% કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમના ઓર્ડર

નવીદિલ્હી,તા.૯

દેશમાં કોરોના સંક્રમણની ત્રીજી લહેર ઝડપથી ફેલાઈ રહી છે. શનિવારે સંસદ ભવનમાં કોરોના વિસ્ફોટ થયો હતો. ૬-૭ જાન્યુઆરીએ અહીં કામ કરતા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી ૪૦૦ થી વધુના રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા છે. બજેટ સત્ર આ મહિનાના છેલ્લા અઠવાડિયાથી શરૂ થવાનું છે. આવી સ્થિતિમાં આ અહેવાલ ડરાવનારો છે. રાજ્યસભાના અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુએ ૪૦૦ કર્મચારીઓને ચેપ લાગ્યા બાદ પરિસ્થિતિની સમીક્ષા કરી. દરમિયાન, વધતા COVID19 કેસોને ધ્યાનમાં રાખીને, રાજ્યસભા સચિવાલયે કર્મચારીઓની હાજરીમાં ઘટાડો કર્યો છે. નવી સૂચનાઓ અનુસાર, અન્ડર સેક્રેટરી/એક્ઝિક્યુટિવ ઓફિસરની રેન્કથી નીચેના ૫૦% અધિકારીઓ અને કર્મચારીઓએ આ મહિનાના અંત સુધીમાં ઘરેથી કામ કરવું પડશે.

પરિસ્થિતિની સમીક્ષા કરતા, રાજ્યસભાના અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુએ નિર્દેશ આપ્યો કે આ મહિનાના અંતમાં શરૂ થતા બજેટ સત્ર પહેલા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓમાં વાયરસના ફેલાવાને રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવે. વિકલાંગ અને સગર્ભા મહિલાઓમાં કોવિડનો ફેલાવો ન થાય તે માટે તેમને ઓફિસ આવવાથી પણ મુક્તિ આપવામાં આવી છે. ભીડભાડથી બચવા માટે સચિવાલય ખોલવાનો અને બંધ કરવાનો સમય અલગ છે. તમામ સત્તાવાર બેઠકો વર્ચ્યુઅલ રીતે યોજાશે. દેશમાં કોરોના સંક્રમણના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. તમામ રાજ્યોમાંથી કોવિડ-૧૯ના રેકોર્ડ બ્રેક નવા કેસો આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, સંક્રમણના વધતા જતા કેસોને રોકવા માટે સરકાર દ્વારા તમામ પ્રકારના સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# સોશિયલ મીડિયાનો અતિરેક બનશે અભિશાપ



**આધુનિક યુગ ટેકનોલોજીનો છે. દરેક વ્યક્તિ સામાજિક હોય, કે ન હોય, પરંતુ સોશિયલ થવા ઇચ્છે છે. અન્ય શબ્દોમાં કહીએ તો વ્યક્તિ ખુદને સોશિયલ મીડિયા વગર અધૂરી સમજે છે. આજે સોશિયલ મીડિયા દુનિયાભરના લોકો સાથે જોડાવાનું એક મહત્ત્વપૂર્ણ સાધન બની ગયું છે અને તેણે વિશ્વના સંચારને એક નવી દિશા આપી છે.**

**સોશિયલ મીડિયા આજે લોકો માટે સકારાત્મક અને નકારાત્મક બંને દ્દષ્ટિથી હથિયારનું કામ કરે છે. સોશિયલ મીડિયા એ લોકોનો અવાજ બન્યો છે, જે સમાજની મુખ્યધારાથી અલગ છે અને જેના અવાજને દબાવવામાં આવે છે. સોશિયલ મીડિયા કેટલાય વેપારીઓ માટે વેપારના એક સારા સાધનના રૂપમાં કાર્ય કરી રહ્યુ છે, તેનાથી કેટલાય પ્રકારના રોજગારના અવસર પણ ઊભા થયા છે. જેનો લાભ લઇને લોકોને પોતાની રોજીરોટી કમાવવાનો અવસર પ્રાપ્ત થયો છે.**

**વર્તમાન સમયમાં સામાન્ય નાગરિકોની વચ્ચે જાગૃતિ ફેલાવવા માટે સોશિયલ મીડિયાનો પ્રયોગ વ્યાપક સ્તરે થઇ રહ્યો છે. સરકારી સંસ્થાઓ અને વિભાગોએ પણ પોતાના સોશિયલ મીડિયા ખાતાં બનાવ્યાં છે, જ્યાંથી સંબંધિત જાણકારીઓને પ્રસારિત કરીને લોકોને સમયે-સમયે જાગૃત કરી શકાય છે. તેનાથી સૌથી મોટો લાભ એ થયો છે કે પ્રશાસન અને જનતાની વચ્ચે જે અપ્રત્યક્ષ અંતર હતુ, તેમાં કડી બનવાનું કામ સોશિયલ મીડિયાએ કર્યુ છે.**

**હવે સોશિયલ મીડિયા માહિતીનું કેન્દ્ર બની ગયું છે. કેટલાય સંશોધનોમાં સામે આવ્યું છે કે દુનિયાભરમાં મોટાભાગના લોકો રોજિંદી માહિતી કે સમાચારો સોશિયલ મીડિયાનાં માધ્યમથી પ્રાપ્ત કરે છે. ભારત જેવા રાષ્ટ્રની વાત કરીએ તો સોશિયલ મીડિયા એક વરદાન પણ છે અને ઘણા માપદંડોમાં તે સમસ્યાઓનું ઉત્પાદક પણ બની ગયું છે. દેશમાં સોશિયલ મીડિયાએ સમાજમાં અંતિમ છેડે ઊભેલી વ્યક્તિઓને પણ સમાજની મુખ્યધારા સાથે જોડાવવા અને ખૂલીને પોતાના વિચારોને વ્યક્ત કરવાનો અવસર આપ્યો છે.**

**આંકડા અનુસાર વર્તમાનમાં ભારતમાં લગભગ ૩૫૦ મિલિયન સોશિયલ મીડિયા યુઝર છે અને એક અનુમાન મુજબ વર્ષ ૨૦૨૩ સુધી આ સંખ્યા લગભગ ૪૪૭ મિલિયન સુધી પહોંચી જશે. વર્ષ ૨૦૧૯માં જારી એક રિપોર્ટ મુજબ ભારતીય યુઝર્સ સરેરાશ ૨.૪ કલાક સોશિયલ મીડિયા પર વિતાવે છે. આ રિપોર્ટ મુજબ ફિલિપાઇન્સના યુઝર્સ સોશિયલ મીડિયાનો સૌથી વધુ સરેરાશ ચાર કલાક પ્રયોગ કરે છે. જ્યારે આ આધારે જાપાનમાં સોશિયલ મીડિયાનો સૌથી ઓછો એટલે કે ૪૫ મિનિટ પ્રયોગ થાય છે.**

# દિલ્હીમાં ૧ અઠવાડિયામાં ૪૦૦ આરોગ્ય કર્મચારી પોઝીટીવ

નવીદિલ્હી,તા.૦૯

દિલ્હીમાં ૧ અઠવાડિયામાં રાજધાનીની અન્ય હોસ્પિટલોમાં ૧,૨૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ કોરોના સંક્રમણની ઝપેટમાં આવી ચુક્યા છે. આવી સ્થિતિમાં ઘણા વિભાગોમાં ૭૦ ટકા જેટલા ડોકટરો પોઝિટીવ આવ્યા છે. જો કે, આને જોતા લેડી હાર્ડિંજ હોસ્પિટલે કોરોના સંક્રમિત આરોગ્ય કર્મચારીઓને ૫ દિવસના આઈસોલેશન પછી તપાસ કર્યા વિના હોસ્પિટલનું કામ શરૂ કરવા સૂચના આપી છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં તબીબો કોરોના સંક્રમિત થતા આરોગ્ય કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે. જ્યાં બાકીની હોસ્પિટલો પણ આ મામલે એલર્ટ મોડમાં આવી ગઈ છે. તેઓ કોરોના સંબંધિત દિશાનિર્દેશોનું ચુસ્તપણે પાલન કરી રહ્યા છે. માં કામ કરતા લગભગ ૧૦૦ ડોક્ટરો સહિત ૪૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ કોરોના વાઈરસની ઝપેટમાં આવી ગયા છે. જેમાંથી રેસિડેન્ટ ડોકટરોની સંખ્યા વધુ છે. જો કે, કેટલાક વિભાગોમાં અડધાથી વધુ ડોકટરો કોરોનાથી સંક્રમિત છે.

હાલમાં છૈંસ્જીના ન્યુરો સર્જરી, ન્યુરોલોજી વિભાગના અડધાથી વધુ ડોકટરો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. એ જ રીતે એનેસ્થેસિયા વિભાગના ૨ ડઝનથી વધુ ડોકટરોનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. તે જ સમયે, ઘણા નર્સિંગ વર્કરો પણ કોરોના સંકર્મણને કારણે હોમ આઈસોલેશનમાં છે. આવી સ્થિતિમાં છૈંસ્જીમાં ડાયરેક્ટરની ઓફિસમાં કામ કરતા ઘણા કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા બાદ આઈસોલેશનમાં છે, જયારે શુક્રવાર સુધી ઘણા કર્મચારીઓ એવા હતા, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે જ સમયે સફદરજંગ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવાર સાંજ સુધીમાં ૭૦ ડૉક્ટર સહિત કુલ ૧૬૫ આરોગ્ય કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે, પ્રસૂતિ વિભાગના ઘણા રેસિડન્ટ ડૉક્ટરો પણ કોરોનાની ઝપેટમાં છે. આવી સ્થિતિમાં વિભાગના વડા સહિત કુલ ૨૬ ડોક્ટર કોરોનાને કારણે આઈસોલેશનમાં છે. તે જ સમયે, એનેસ્થેસિયા, દવા, ગેસ્ટ્રો અને રેડિયોલોજીના ઘણા ડોકટરો કોરોનાથી સંક્રમિત જોવા મળ્યા છે. હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૭૦ ડોકટર અને કુલ ૧૬૫ આરોગ્ય કર્મચારીઓ સંક્રમિત જોવા મળ્યા છે.

રાજધાનીની લેડી હાર્ડિંગ હોસ્પિટલના ૧૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. તે જ સમયે, મેડિસિન વિભાગના અડધાથી વધુ ડોકટરો કોરોના સંકર્મણને કારણે આઈસોલેશન પર છે. આવી સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંભાળમાં સમસ્યાઓ છે. જયાં સ્ટાફ ઓછો હોવાને કારણે દર્દીઓના ટેસ્ટ મોકલવાથી લઈને રિપોર્ટ મેળવવા અને પછી સારવાર સુધી ઘણો સમય લાગી રહ્યો છે. આ સિવાય રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં છેલ્લા ૧ સપ્તાહમાં ૧૧૦ આરોગ્ય કર્મચારીઓને કોરોના સંક્રમિત થયાની પુષ્ટિ થઈ છે, જેમાંથી ૬૫ ડૉક્ટર સામેલ છે. આ સાથે લોકનાયક હોસ્પિટલમાં ૩૦ અને જીટીબીમાં ૫૦ લોકો પણ કોરોના સંક્રમણની ઝપેટમાં આવી ગયા છે.

દિલ્હીની આંબેડકર હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૨૧ આરોગ્ય કર્મચારીઓના રિપોર્ટ કોરોના પોઝિટીવ મળ્યા છે.દેશની રાજધાની દિલ્હીમાં નવા વેરિઅન્ટ ઓમિક્રોનના કેસમાં ઝડપથી વધારો થતાં હવે મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ પણ તેનો શિકાર બની રહ્યા છે, જેના કારણે કોરોનાની સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા માટે હોસ્પિટલોમાં આરોગ્ય કર્મચારીઓની અછત પડી શકે છે. આવી સ્થિતિમાં દિલ્હીની AIIMS હોસ્પિટલમાં કોરોના વિસ્ફોટ થયો છે. જયાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૦ આરોગ્ય કર્મચારીઓના રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યા છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ૧ અઠવાડિયામાં જ અહીં લગભગ ૪૦૦ સ્વાસ્થ્ય કર્મચારીઓમાં સંક્રમણની પુષ્ટિ થઈ છે. હાલ આ તમામને હોસ્પિટલ કેમ્પસના આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

# દિલ્હીમાં લોકડાઉન લગાવવાનો કોઈ પ્લાન નથી : કેજરીવાલ

નવીદિલ્હી,તા.૯

દેશની રાજધાની દિલ્હીમાં વધતા કોરોના આંતકને રોકવા માટે નિયમો આકરા બનાવવામાં આવ્યા છે. રવિવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સ કરી. તેમાં કેજરીવાલે જણાવ્યું હતું કે દિલ્હીમાં હાલ લોકડાઉન લગાવવાનો કોઈ ઈરાદો નથી, પરંતુ તમામ લોકો માસ્ક લગાવીને રાખે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે. સીએમ અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે તમારી બધાની પ્રાર્થનાઓથી હું સ્વસ્થ થઈ ચૂક્યો છું. હું ૭-૮ દિવસ હોમ આઈસોલેશનમાં રહ્યો. મને બે દિવસ સુધી તાવ હતો. હવે હું તમારી સેવામાં ફરીથી હાજર છું. દિલ્હીમાં વધી રહેલા કોરોના કેસોને લઈને હું ચિંતિત છું. હોમ આઈસોલેશનમાં આ મુદ્દા પર તમામ અધિકારીઓના સંપર્કમાં હતો. દિલ્હીમાં લોકડાઉન લગાવવા મુદ્દે સવાલ પુછતા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું છે કે દિલ્હીમાં લોકડાઉન લગાવવાનો કોઈ પ્લાન નથી. અમે લોકડાઉન લગાવવા માંગતા નથી. તમામ લોકોની રોજી રોટી ચાલતી રહેવી જોઈએ. પરંતુ તમામ લોકોને અપીલ કરું છું કે માસ્ક જરૂર લગાવો. તેમણે જણાવ્યું હતું કે, ગઈકાલે (શનિવાર) દિલ્હીમાં કોરોના વાયરસના ૨૦ હજાર કેસ સામે આવ્યા હતા. જયારે ગત લહેરમાં જ્યારે ૭ મેના રોજ આટલા કેસ નોંધાયા હતા, તો ૩૪૧ મોત થયા હતા. પરંતુ ગઈકાલે માત્ર ૭ મોત નોંધાયા. મોતનો આંકડો પહેલાથી ઘણો ઓછો છે. જોકે અમે માનીએ છીએ કે એક પણ મોત ના થવા જોઈએ. સીએમ અરવિંદ કેજરીવાલે જણાવ્યું છે કે પહેલા આટલા કેસ નોંધાય ત્યારે લગભગ ૨૦ હજાર લોકો હોસ્પિટલમાં દાખલ હતા, કાલે માત્ર દોઢ હજાર બેડ ભરેલા હતા. ઓમીક્રોન એટલો ખતરનાક નથી. આપણે બધાએ ગભરાવવાની જરૂર નથી, સાવધાની રાખવાની જરૂર છે.મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે તમે લોકો માસ્ક પહેરવાનું રાખો. હોસ્પિટલમાં જવાની જરૂર ઓછી પડશે. જરૂરી ન હોય ત્યારે ઘરની બહાર ન નીકળો. અમે લોકડાઉન લાદવા માંગતા નથી. તેનાથી લોકોની રોજગારીમાં ફરક પડે છે.

# દારૂ પકડવા ગયેલી ટીમ પર ત્રિશુલ-તલવાર લઈ મહિલા તૂટી પડી

પટણા,તા.૯

દારૂબંધીને લઈને વિવાદ માત્ર ગુજરાતમાં જ થાય છે એવું નથી. બિહારમાંથી પણ અનેક એવા કિસ્સાઓ આવ્યા છે જેમાં કડક અમલવારી કરાવવા સામે પોલીસને કડવો અનુભવ થયો હોય. બિહારમાં દારૂબંધીને લઈને જોરશોરથી પગલાં લેવામાં આવી રહ્યા છે. ખાસ કરીને જુદા જુદા વિસ્તારમાં પોલીસ આકરી કામગીરી કરી રહી છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર રાજ્યમાં દારૂબંધીને કડક રીતે લાગુ કરવા માટે વહીવટીતંત્રને આદેશ આપી રહ્યા છે. પરંતુ આ વીડિયોમાં ગ્રાઉન્ડ લેવલ પર નશાબંધીને રોકવા જઈ રહેલી ટીમને લોકોનો કેવી રીતે સામનો કરવો પડે છે. એવો પુરાવો મળ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વીડિયો બિહારનો છે.

વીડિયોમાં એક મહિલા રણચંડી બની ગઈ છે. એક હાથમાં ત્રિશુલ અને એક હાથમાં તલવાર સાથે મહિલા પોલીસ અધિકારીઓને ધમકી આપી રહી છે. દરમિયાન, મહિલા પોલીસ અધિકારીઓ સામે તલવાર ચલાવી રહી છે. ગુસ્સે થયેલી મહિલા હાથમાં તલવાર અને ત્રિશૂળ લઈને અધિકારીઓ પર ગુસ્સે થઈ ગઈ છે. ઓફિસર કહે છે કે, હત્યાનો કેસ થશે. મહિલા કહે છે કે મારે એક યુવાન પુત્રી છે. મહિલા કહે છે કે સરકાર મને ખાવાનું આપશે? મારો માણસ બહાર છે. શું કરીશું, ચોરી કરીશું.. શું અમે મરી જઈએ?

# કોરોના સંક્રમણના વધતા જતા કેસને જોતા અમિત શાહનો બંગાળ પ્રવાસ સ્થગિત

કોલકતા,૯

બંગાળમાં કોરોનાના વધતા જતા કેસને જોતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા બાદ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની બંગાળની મુલાકાત પણ મોકૂફ રાખવામાં આવી છે. આ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બંગાળ આવવાની વાત હતી, પરંતુ કોરોનાને કારણે તેમનો બંગાળ પ્રવાસ હાલ પૂરતો સ્થગિત કરવામાં આવ્યો છે.રિપોર્ટ્સ અનુસાર ગૃહમંત્રી અમિત શાહ નગરપાલિકાની ચૂંટણી પહેલા ઉત્તર બંગાળ આવશે તેવી ચર્ચા ચાલી રહી હતી. જો કે, આ દરમિયાન, કોવિડના વધતા કેસને કારણે અમિત શાહની મુલાકાત પણ સ્થગિત કરવામાં આવી છે. ગૃહપ્રધાન આ મહિને બંગાળની મુલાકાત લેવાના હતા.

રાજ્યની ચાર મ્યુનિસિપલ કોર્પોરેશન સિલીગુડી, આસનસોલ, ચંદનનગર અને બિધાનનગર માટે ૨૨ જાન્યુઆરીએ ચૂંટણી યોજાવા જઈ રહી છે. જણાવી દઈએ કે જેપી નડ્ડા ૯ જાન્યુઆરી, રવિવારે બંગાળના બે દિવસીય પ્રવાસ પર આવવાના હતા, પરંતુ તેમનો પ્રવાસ પહેલાથી જ સ્થગિત કરી દેવામાં આવ્યો હતો.રાજ્યના આરોગ્ય વિભાગના નિવેદન અનુસાર સતત બીજા દિવસે કોરોનાથી નિયમિતપણે સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૧૮ હજારથી વધુ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૬૩,૫૧૮ લોકોના સેમ્પલની તપાસ કરવામાં આવી છે, જેમાંથી ૧૮,૮૦૨ લોકો પોઝિટીવ આવ્યા છે. આ સિવાય ૧૯ લોકોના મોત થયા છે.

ગયા વર્ષની શરૂઆતમાં યોજાયેલી બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ પછી ડિસેમ્બરમાં કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપની કારમી હારથી પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે. કોલકાતા કોર્પોરેશનની ચૂંટણીમાં હાર બાદ તાજેતરમાં રાજ્ય અને જિલ્લા એકમમાં પણ મોટાપાયે સંગઠનાત્મક ફેરબદલ કરવામાં આવ્યો હતો, જેના પછી ઘણા નેતાઓ નારાજ હોવાનું કહેવાય છે.

# રાજધાની દિલ્હીમાં અવિરત વરસાદ, સતત વરસાદનાં કારણે પ્રદૂષણમાં ઘટાડો

નવીદિલ્હી,તા.૯

ભારે વરસાદનાં કારણે ઉત્તર ભારતમાં ઠંડીથી ધ્રુજારી સર્જાઈ છે. દિલ્હી-એનસીઆરમાં ગત રાતથી અવિરત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ઠંડી ઘણી વધી ગઈ છે. જો કે વરસાદનાં કારણે રાજધાનીનાં પ્રદૂષણમાં થોડો ઘટાડો થયો છે. આજે સવારે રાજધાનીનો એકયુઆઇ ૯૦ પર પહોંચી ગયો છે, જે સંતોષકારક છે પરંતુ અવિરત વરસાદને કારણે લોકોને અવર-જવરમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

જો કે, હવામાન વિભાગે આગાહી કરી છે કે દિલ્હીનું તાપમાન આજે ૧૫-૧૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે અને આજે પણ ઝરમર વરસાદ ચાલુ રહેશે. બીજી તરફ મેદાની વિસ્તારોમાં વરસાદે લોકોને પરેશાન કર્યા છે. બીજી તરફ પહાડો પર થઈ રહેલી હિમવર્ષાને કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ચારે તરફ માત્ર બરફ જ છે, લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. જ્યારે ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, ત્યારે હવામાન વિભાગે કાશ્મીરમાં આગામી ૧૨ કલાક માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલમાં ભારે હિમવર્ષા થઈ રહી છે, ત્યારે ઘણા વિસ્તારોમાં પારો શૂન્યથી નીચે પહોંચી ગયો છે. આગામી દિવસોમાં પણ હિમવર્ષા ચાલુ રહેશે. તો ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિનું નિર્માણ થયુ છે. બીજી તરફ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર અને યુપીમાં હળવો વરસાદ થયો છે, જેના કારણે ઠંડીમાં વધારો થયો છે. આપને જણાવી દઈએ કે, અત્યંત સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનાં કારણે ઉત્તર ભારત ઠંડીનો સામનો કરી રહ્યું છે. ગાઢ ધુમ્મસ અને શીત લહેરથી તાપમાનનો પારો ગગડ્યો છે.

## પ્રેરણાત્મક જીવન..

# મળવા કરતાં ય માણવા જેવા માણસ....

મનુષ્ય નું જીવન અનેક સંઘર્ષો, સારા નરસા અનુભવો, ચડાવ ઉતારથી ભરેલું છે...નાનપણમાં ખૂબ જ સંઘર્ષ કરીને આગળ વધેલી વ્યક્તિ જ્યારે પોતાની બુદ્ધિ શક્તિ, જાત મહેનત અને તીવ્ર ધગશથી એક સિધ્ધિ પ્રાપ્ત કરીને જે પદ હાંસલ કરી લે છે અને પોતાની પાછલી જિંદગી ના અનુસંધાને અન્ય લોકોના દુખ દર્દ અને સંઘર્ષ તરફ દ્રષ્ટિપાત કરીને તેમના પ્રત્યે અનુકંપા દાખવીને પોતાની શક્તિ અને સામર્થ્ય ને સદ્કાર્યમાં જોડે છે ત્યારે એક અદભૂત સંયોગ ઉત્પન્ન થાય છે અને અન્ય ના જીવનમાં પ્રકાશ રેલાવે છે....!

આવી જ એક વિરલ વ્યક્તિ ની વાત આપણે કરીશું....

નામ એમનું ઈન્દ્રજીત ત્રિવેદી...ભાવનગર ના વતની...શ્રીમાળી બ્રાહ્મણ.. જન્મ થયો છઠ્ઠી જાન્યુઆરી, ૧૯૫૧....ભાવનગર ની સુપ્રસિદ્ધ સંસ્થા ઘરશાળા માં અભ્યાસ કર્યો....ત્યારપછી બરોડા અને ૧૯૬૦ માં એમનો પરિવાર મુંબઈ શિફ્ટ થયો...એટલે એમનો અભ્યાસ મુંબઇ ની કોલેજમાં....એમના પિતાજી રેડિયોલોજીસ્ટ હતા...

મુંબઇ થી તેઓ લંડન ગયા.. ત્યાં કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરી ડેટા એનાલિસ્ટ બન્યા અને વિશ્વની સુપ્રસિદ્ધ અને નામાંકિત લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ માં ગ્રેજયુએટ થયા...ખૂબ જ આનંદ ની વાત એ છે કે તેઓ જયાં ભણ્યા એ જ કોલેજમાં તેઓ પ્રોફેસર બન્યા....! આ સમય દરમ્યાન તેઓના મગજ ઉપર ઓક્ઝાફાર્મ ચેરીટી સેમિનારો ની ઉંડી અસર પડી અને તેમની અંદરનો આત્મા સળવળી ઉઠ્યો અને અનુકંપા જાગૃત થઈ ઉઠી....! તેઓ ત્યાં થી અમેરિકા ગયા..અને મેડલાઈફના ડાયરેક્ટર બન્યા...પરંતુ નોકરી ની અસલામતીથી તેમણે નોકરી ગુમાવી...અને તેમણે પોતાની એક મોર્ટગેજ કંપની સ્થાપી....ત્યારબાદ તેઓ નિવૃત્ત થયા અને હ્યુમિનીટી ફાઉન્ડેશન, યુ.એસ.એ. ની સ્થાપના કરી....

પરંતુ હવે જ તેમની નવી લાઈફ શરૂ થઈ....તેમના દિલમાં માનવ પ્રત્યે અપાર અનુકંપા અને દયાની લાગણી ધરબાયેલી હતી તે હવે પૂર્ણ સ્વરૂપે બહાર આવી...! તેઓ ભાવનગરની સેવાકીય સંસ્થાઓને આર્થિક મદદ કરી રહ્યા છે......તેમજ પાલિતાણા ની પ્રયત્ન ફાઉન્ડેશન માનવ પરિવાર ખાતે પણ આ પ્રવૃત્તિ વિસ્તારી....ગરીબ અને મધ્યમ વર્ગના અસંખ્ય લોકો આનો લાભ લઈ રહ્યા છે....તદ્દન નાના પાયે શરુ કરેલ આ સંસ્થા અત્યારે ખૂબ વિકાસ પામી છે...અનેક વંચિતો અને અસહાય લોકોના પેટની



આંતરડી ઠારી શ્રી ઈન્દ્રજીત ત્રિવેદી એ એક અદભૂત ઈતિહાસ રચ્યો છે....! આપણામાં ના જ એક એવા તેઓ ખૂબ જ સરળ, નિખાલસ, પ્રેમાળ અને હંમેશાં જમીન સાથે જોડાયેલા છે....આ ધરતી સાથે તેમનો ગજબનો લગાવ છે...માતૃભૂમિને તેઓ ક્યારેય વિસર્યા નથી....વિદેશોના ભૌતિક સુખોના ચળકાટ વચ્ચે પણ તેઓ નિર્લેપ રહી માનવતા નો આ મહાયજ્ઞ ચલાવી રહ્યા છે એ કંઈ નાનીસૂની સિધ્ધિ નથી...!

તેમણે અનેક સંઘર્ષ કરી ઉચ્ચતર અભ્યાસ કર્યો છે...ખૂબ જ ટીખળીખોર અને એક જ પરિચયમાં પોતાના કરી લે એવું એમનું ચૂંબકિય વ્યક્તિત્વ...દોસ્તો એમની અમૂલ્ય મૂડી છે....વારે તહેવારે સૌના ખબર અંતર પૂછી એક પારિવારિક સ્નેહ અને હૂંફ આપે...દોસ્તો પણ તેમને સામે એવો જ પડઘો પાડે અને કોઇ પણ સેવાકીય કાર્ય માટે તુરંત હાજર.....આ એમની વિશિષ્ટતા અને કાબેલિયત....!

પાલિતાણા માં તેમનો માનવ પરિવાર છે...તેમણે કોઇ સંસ્થા સ્થાપી નથી પરંતુ આવી સામાજિક સંસ્થાઓ ને મદદ કર્યા કરે છે...પોતે લંડન, અમેરિકા જેવા દેશોના વેસ્ટર્ન કલ્ચરમાં ઉછરેલા છે છતાંય માતૃભૂમિનું વળગણ ગજબનું છે અને ભાવનગર, પાલિતાણા જેવા કેન્દ્રો માં સેવાની જ્યોત જલાવી રહ્યા છે...

આવતી છઠ્ઠી જાન્યુઆરી એ તેઓ સિત્તેર વર્ષ પૂરા કરશે ત્યારે આપણા સૌ વતી મૂઠી ઉંચેરી આ વ્યક્તિ ને લાખ લાખ અભિનંદન અને તેઓ આ મહાયજ્ઞ ને હજુ વિસ્તારી ખૂબ જ ઉંચા ફલક ઉપર લઈ જાય એવી હાર્દિક શુભેચ્છાઓ....

# પાંચ રાજયોની ચુંટણી પ્રારંભિક તબક્કામાં ૫૦ હજાર સીએપીએફ જવાન તૈનાત કરાશે

,નવીદિલ્હી,તા.૯

પાંચ રાજયોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી દરમિયાન સુરક્ષા માટે લગભગ ૫૦,૦૦૦ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ના જવાનોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે આ જવાનોનો મોટો ભાગ ઉત્તર પ્રદેશમાં મોકલવામાં આવી રહ્યો છે, જયાં ૪૦૩ વિધાનસભા બેઠકો પર સાત તબક્કામાં મતદાન થશે. આજની શરૂઆતમાં, ભારતના ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, પંજાબ અને ગોવામાં વિધાનસભાની ચૂંટણીના સમયપત્રક અને તારીખોની જાહેરાત કરી હતી.

આ રાજયોમાંથી, ઉત્તર પ્રદેશમાં સાત તબક્કામાં મતદાન યોજાશે જયાં તે ૧૦ ફેબ્રુઆરીથી શરૂ થશે અને છેલ્લા તબક્કાનું મતદાન ૭ માર્ચે યોજાશે. આ સિવાય પંજાબ (૧૧૭ સીટો), ઉત્તરાખંડ (૭૦ સીટો) અને ગોવામાં (૪૦ સીટો) તમામ સીટો પર ૧૪ ફેબ્રુઆરીએ એક જ દિવસે મતદાન થશે. તે જ સમયે, મણિપુરમાં, જેમાં ૬૦ વિધાનસભા બેઠકો છે, બે તબક્કામાં ૨૭ ફેબ્રુઆરી અને ૩ માર્ચે ચૂંટણી યોજાશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર આ તમામ રાજયોની મતગણતરી ૧૦ માર્ચે થશે.અહેવાલ અનુસાર, અધિકારીઓએ જણાવ્યું કે પ્રારંભિક તબક્કામાં સીઆરપીએફ (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ), બીએસએફ (બોર્ડર સિક્યુરિટી ફોર્સ), આઈટીબીપી (ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ), સીઆઈએસએફ (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ) સીએપીએફ હેઠળ આવે છે.) અને એસએસબી (સશાસ્ત્ર સીમા બાલ) વગેરેની ૫૦૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી રહી છે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં આવા ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૫૦ વધુ એકમો પણ ઉમેરવામાં આવી શકે છે.

અધિકારીઓએ જણાવ્યું કે આ ૫૦૦ કંપનીઓમાંથી ૩૭૫ને ઉત્તર પ્રદેશ મોકલવામાં આવશે. ઉત્તર પ્રદેશ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સંબંધિત જિલ્લાઓ માટે સીએપીએફની ૧૫૦ કંપનીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની તૈનાતી ૧૦ જાન્યુઆરીથી શરૂ થશે. તેમનો ઉદ્દેશ્ય ચૂંટણી નિષ્પક્ષ અને અસરકારક રીતે કરાવવાનો રહેશે. તમને જણાવી દઈએ કે સીએપીએફની એક કંપનીમાં લગભગ ૭૦ થી ૮૦ જવાન છે. આ વખતે કોવિડ-૧૯ને કારણે મતદાન મથકોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0082
વિષયઃ વર્ષ ૨૦૨૧ માં સાહિત્ય લેખનનું સરવૈયું,
પ્રકાર : ગદ્ય,
શીર્ષકઃ લેખક તરીકે વર્ષ ૨૦૨૧માં નવતર પ્રયોગ, અને સમાવિષ્ટ બહોળો અનુભવ,
મેડીકલ વ્યવસાય સાથે કુટુંબની
જવાબદારી, ઘર સંચાલન, અને
સમસ્ત જગતમાં રોગ યુક્ત વાતાવરણ, આ બધી સઘળી
જીવનની વ્યવસ્થામાં ઓતપ્રોત થઇ , એકરાગ બની સાહિત્ય લેખનનું ચિંતન કે જે મારા જેવા માટે એક કોયડા સમાન હતું,
Nog સાહિત્ય અકાદમીનાં ફળ
સ્વરૂપે મારા જેવા ઊગતા ચંદ્રને
તાશકમાં પાણી ઉમેરી સામે નિરખવા સમાન જેવી બાલ્યા અવસ્થા માં પ્રવેશ હોય તેવું મને પ્રારંભમાં લાગતું હતું,
જયશ્રી બેન " દાદિશા" નાં ઉપક્રમિત, વિભૂતિ બેન જેવા મહારથી , જયકાંત ભાઇ જેવા
સાક્ષર સૂર્ય, અને આવા અનેક
સુશોભિત આકાશ ગંગા જેવા
સુનયન તારલાઓથી શોભિત
આપણા એક નદી જેવા પ્રવાહમાં પ્રમાણિત લેખક અને લેખિકાઓનો સુર સંગમ, નીત નવા લેખો અને બુદ્ધિ ચાતુર્ય પૂર્ણ
ગુજરાતી ભાષા પર મજબૂત પકડ દર્શાવતા સુંદર પ્રેમાળ નિસ્પૃહી, સર્વે વડીલ વડલાઓ,
તેમની હ્દય સ્પર્શી કૃતિઓથી
અમારા માનસ પટ પર દીર્ઘ કાલીન અભિભૂત થયા છે,
મારા જેવા નવા નિશાળીયા માટે તો એક ગુજરાતી ભાષાનું જાણે
મારા માટે જ ઉભુ કરેલ વર્કશોપ
હોય તેવું મને લાગ્યા કરતું,
મે આ સમયમાં મારા જીવનમાં એક તબીબ તરીકે સામાન્ય જનોની પીડા, દુઃખ, વિટંબણા નિસહાયતા, વગેરે સતત જોયા,
તંદુરસ્ત મનથી ખુશમન સાથે અનેક બહુવિધ રચનાઓનુ લેખન મારે માટે એક કસોટી
રૂપ હતું,
પણ જ્યારે મન થાય ત્યારે અરીસા માં જોતા હોઈએ તેમ
ત્યારે વાદળ સદ્શ્ય ઝલક બતાવવાનું જરૂર મન થાય,
શબ્દ નદીના વહેણ બની આંખમાં સમાય પછી અંતરને
પૂછી હોઠ હૈયા ની અવઢવ પામી
આંગળી વચ્ચે સમાયેલી કલમમાં ઉતરે,
પછીજ એક સુંદર કલ્પના નિર્મિત થાય,
સાહિત્ય સરિતાના વહાણ પર
પ્રદીપ ભાઇ જેવા ખલાસી ને
સઢ બાંધીને ચલવતા બહોળી
અને ઊંડી કોઠા સૂઝ છે,
સાતત્ય અને એકજુટતાથી
દરેકને ન્યાય આપી સુપ્રીમ સભ્યોને માન પાન યથા યોગ્ય
આપવા એ તેમના સંસ્કાર માં છે
મને એક અદના સભ્ય તરીકે
સાહિત્ય લેખન મા થોડી અપરિપકવતા હોવા છતાં એક
કુટુંબના નાના બાળક જેવી
પ્રીતિનો હંમેશા અનુભવ થાય છે

ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
NOG. SS: 0089
પ્રકાર : પદ્ય
વિષયઃ "વાર્ષિક સરવૈયું સાહિત્ય ના આયનામાં
શીર્ષક : વાર્તા ને કવિતા
રેખા શુકલ- અમેરિકા

સાહિત્ય ના પંથે આગળ સૌ વધ્યા
પિડીત ગુજર્યા હૈયા આંખો દડદડયા
આહ ભરતા ફાનસ ઘર ઘર બળ્યા
રડયા આરસ નડે વારસ કેમ પૂજ્યા
રચ્યું સાહિત્ય રડી વાર્તા કાવ્ય ફળ્યા
આખર લડ્યા શ્વાસ વહાલા ન બચ્યા
ડર્યા ભળ્યા ભૂલકાં માસકે શિવ ભજ્યા
સૂફી સૂરે નાચી થરથર ગાઇ ના શકયા
દિવસે મહિને સરવૈયું વર્ષે જોઇ ફસ્યા
કરજ માતૃભાષા નું વરસ્યું આયને રોયા

રેખા શુકલ.

---

NOG SS No : 0007
વિષય : વર્ષ ૨૦૨૧નું સાહિત્ય સરવૈયું
પ્રકાર : ગદ્ય

સામાન્ય વ્યક્તિ માટે સાહિત્ય એટલે વાર્તા,કવિતા,ગઝલ,ગીતો વગેરે જે ગમે તે વાંચવું.પરંતુ એક લેખક માટે સાહિત્ય એટલે લેખકનાં વિચારોનું ઘમ્મર વલોણું. એક લેખક જ્યારે કલમ ઉપાડે છે ત્યારે એનાં મગજમાં વિચારોનું જાણે ઘોડાપુર આવે.એમાંથી એ સારાં સુંદર વિચારોને કાગળ પર ઉતારે છે . પછી એ વાર્તા હોય,કવિતા હોય,કે પછી હોય કોઈ ગીત કે ગઝલ.આવું વિચારો નું ઘમ્મર વલોણું હું વર્ષોથી ફેરવતી, જેનાં પરિણામ સ્વરૂપ હું નિબંધો,લેખો લખતી; જે વોટ્સએપ કે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવાં સોશિયલ મિડીયાના અભાવે મારી ડાયરી પૂરતાં જ સિમિત રહેતાં.પરંતુ છેલ્લાં ત્રણેક વર્ષથી હું વોટ્સએપ પરનાં સાહિત્ય ગ્રૂપ સાથે જોડાઈ અને એક લેખિકા તરીકે પ્રસ્થાપિત થઈ.નિબંધ અને લેખ પછી માઈક્રોફીક્શન અને ટૂંકી વાર્તાઓ લખતાં શીખી . પ્રતિલિપિ,શોપિઝન,સ્ટોરીમિરર પર પણ વાર્તાઓ,નવલકથા લખી.વાર્તાલેખન સ્પર્ધાઓમાં ભાગ લીધો અને પુરસ્કાર પણ જીતી.એમાં પણ ન્યુઝ ઓફ ગાંધીનગર ગ્રૂપમાં આવીને મારું લખાણ પરિપક્વ થયું.અહીં વડીલ લેખકોનાં સાંનિધ્યમાં સાહિત્યની સાચી પરિભાષા શીખી.જયશ્રીબેન(અમારા દાદીશા) પાસેથી વિચારોને સમયની ખાણમાં પકવતાં શીખી.જેને લીધે મારી કલમથી જે પણ લખતી તે સચોટ અને ધારદાર લખાતું.જીજ્ઞાબેન પાસેથી મેનેજમેન્ટ અને સ્પષ્ટ વક્તા બનતાં શીખી.જેને લીધે આપણાં આ ગ્રૂપમાં એક સમયે નિર્ણાયક તરીકે પણ ભૂમિકા ભજવી હતી.અને પ્રદિપભાઈ જેવાં વડીલે આંગળી પકડીને વર્તમાન પત્રની પ્રસિધ્ધિની સીડી એ ચઢાવી.આ રીતે છેલ્લાં ત્રણેક વર્ષમાં સાહિત્ય ક્ષેત્રે મારું નોંધપાત્ર ઘડતર થયું જેનાં પરિણામ સ્વરૂપ મેં મારી શાળા માટેનું એક પુસ્તક સંપાદિત કર્યું.જેમાં મેં મારી શાળા ના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યશ્રી વગેરેના મળીને કૂલ ૮૫ જેટલાં સંસ્મરણો એકઠાં કરી,એ બધાંને મઠારી,શણગારીને ૧૧૫ પાનાંનું પુસ્તક બનાવી તૈયાર કર્યું અને ૨૩ જુલાઈ ૨૦૨૧ને શુક્રવારે ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે મારાં આચાર્યશ્રી અને જેમની નિશ્રામાં મેં મારું પહેલું પુસ્તક ચાલ ફરીથી વાગોળીએ મારાં શાળા સાથેનાં સંસ્મરણો સંપાદિત કર્યું, એવાં સ્વ.શ્રી ઠાકોરભાઈ દેસાઈ સાહેબના વરદ્ હસ્તે વિમોચન થયું.જે મારાં જીવનની ધન્ય ઘડી હતી.એ દિવસ મારાં જીવનનો સુવર્ણ દિવસ હતો.બસ એક વાતનો અફસોસ રહી ગયો કે શાળાના સંસ્મરણોનું પુસ્તક તો મેં સંપાદિત કરી લીધું પરંતુ એ પુસ્તક થકી જે આનંદની ક્ષણો મેં અને મારાં આચાર્યશ્રી એ મેળવી એને હું એમની સાથે મળીને વાગોળી ન શકી.કારણ વિમોચનનો દિવસ મારાં આચાર્યશ્રી સાથેનો છેલ્લો દિવસ બની ગયો.કારણ તે દિવસ પછી એમની તબિયત બગડી અને ૧૦ મી ઓગષ્ટે તેઓ અમારો સાથ છોડી અનંતની યાત્રાએ ઉપડી ગયાં.આ પુસ્તક તૈયાર કરવામાં તેઓ મારી પડખે એક પિતાની જેમ ઊભાં હતાં.અને માટે જ એમનાં છૂટેલા સાથનું દુઃખ આજે પણ હ્દયમાં પિતા ગુમાવ્યા હોય એટલું જ છે.

સાહિત્ય ક્ષેત્રે મેળવેલી આ સિધ્ધિ માટે હું એમની આજીવન આભારી રહીશ.એ દરમ્યાન બીજી સિધ્ધિ એટલે શબ્દસુગંધ નામનું સહીયારું પુસ્તક બન્યું.જેમાં મારી મા.ફી. વાર્તાઓ છપાઈ.અલગારી ઓજસ નામનાં સહીયારા વાર્તા સંગ્રહમાં પણ મારી વાર્તાને સ્થાન મળ્યું છે.આ બધી ખાટી મીઠી યાદો સાથે કડવી યાદો પણ છે.સાહિત્ય ક્ષેત્રે મને સાહિત્યની સાધના કરનારાં સાધકો તો મળ્યાં પરંતુ સાહિત્યના નામ પર કલંક હોય એવાં ઊતરતી કક્ષાના લોકો પણ મળ્યાં.જેઓ બીજા લેખકોની રચનાઓને પોતાના નામે ચઢાવી દેતાં જરાય સંકોચ કે શરમ નથી કરતાં.પરંતુ સામા છેડે કિશોર ભાઈ મહેતા ,પલ્લવીબેન,નીલાબેન સંઘવી,માયા બેન દેસાઈ, જયશ્રીબેન, કૌશિકભાઈ વગેરે જેવાં સાહિત્યને ચાહનારા અને ગુજરાતી ભાષાપ્રેમીઓને જોઉં છું ત્યારે આ સાહિત્ય ચોરો બહુ તુચ્છ લાગે છે.ખેર ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય જ.એ ન્યાયે આ બધું તો રહેવાનું જ.બસ આપણે આપણું કર્મ કરતાં રહેવું.સમાજ પાસેથી ઘણું મળ્યું છે એ આપણે સમાજને પાછું આપવું જ રહ્યું.એ ન્યાયે હું મારી કલમ દ્વારા શબ્દો શણગારી સમાજને ઉપયોગી લખાણો લખતી રહીશ.

આટલો સરસ વિષય આપવા બદલ પ્રદિપ ભાઈ આપનો આભાર.

લેખિકા : આરતી મરચંટ,મુંબઈ : કાંદિવલી.

NOG SS NO.0081
પ્રકાર : ગદ્ય
વિષય : વીતેલાં વર્ષની સાહિત્ય સફર
શબ્દો : ૩૪૬
શીર્ષક : સ્વપ્ન પૂર્તિ

સાહિત્ય શબ્દ ખૂબ અગાધ છે , એમાં ડૂબકી મારવા જેટલી લાયકાત હજી મેળવી નથી પણ એની સરિતાને કાંઠે આનંદ અમાપ મેળવ્યો છે. દરેક વર્ષ કરતાં આ અનોખું રહ્યું.

કોરોનાએ મચાવેલા કહરને દોહરાવવો નથી પણ એની સામે વિજ્ઞાન અને ટેકનોલોજીએ કરેલી કમાલનો ગુલાલ વધુ રંગીન છે.માઈલો દૂર બેઠેલાં સ્વજનોને ઘરમાં જોવાની તક આપણાં વડીલોને નહોતી મળી પણ આપણે એ મિલન માણ્યું. પેન અને પેપરને જ દુનિયા માનતી મને આ સમયે લખતાં શીખવ્યું મોબાઈમાં! હા, ઘણાં સોશીયલ મીડિયા ગ્રુપ સાથે જોડાવા આ આવશ્યક થઈ ગયું ત્યારે બાળમંદિર થી શરૂઆત કરવા જેવો અનુભવ સખી જયશ્રીએ કરાવ્યો.

પછી...તો અપની ચલ પડી. અનેક પ્રિન્ટ મીડિયા જેમ કે યુગવંદના,ચિત્રલેખા,હેમરાજ શાહ, આપણું આંગણું અને વોટ્સ એપ ગ્રુપમાં લખવાની તક મળી

સૌથી મોટી આશ્ચર્ય આપનારી ઘટના એટલે રાજુલ બહેન- બોસ્ટન યુએસ એ,નો ૨૦૨૦ ની દિવાળીનાં શુભ દિવસે પ્રથમ ફોન! જાણે વર્ષોથી ઓળખતાં હોઈએ એવી નિખાલસતા અને 'સાહિત્ય સંગીતનું વિશ્વ' માટે લખવા ભાવભીનું આમંત્રણ.એ મૈત્રી વધુ ઘનિષ્ઠ બની, એમની અનેક ઉત્તમ કૃતિઓમાંથી પ્રેરણા મળી અને એક આત્મીય વાચકગણ! કેટલાંય વાચકો તો હવે મિત્રો બની અંગત વાતોની આપ-લે કરતાં થઈ ગયાં છે.

રવિવારની એક સવારે ન્યુઝ ઓફ ગાંધીનગરનાં સંચાલક શ્રી.પ્રદીપભાઈની સાથે જ્ઞાન ગોષ્ઠિ. ત્યાં એમણે આપેલ દીદી તરીકેનાં સન્માનને યોગ્ય સેવા આપવાની કોશિશ કરી મારી રચનાઓ મૂકું છું.એમની અને મીનાક્ષીબહેનની સાહિત્ય સેવા અનન્ય છે . બધાંને સાથે લઈને સાહિત્ય યાત્રા કરવાની નિષ્ઠા અજબ છે.એમની પુત્રી ચી.સૌ.પૂજાનાં લગ્નનાં આમંત્રણ એમનો ભાવ મને મુંબઈથી છેક ગાંધીનગર ખેંચી ગયો. ત્યાં વિભૂતિબહેન દેસાઈનો સ્નેહાળ સંગાથ તેમજ સખી જયશ્રી, જશુભાઈ પટેલ સહિત અનેક સાહિત્યિકો સાથે યાદગાર મુલાકાતો થઈ.

સરવૈયું તો નફો કે નુકસાનના અડસટ્ટા માટે કઢાય.સાહિત્યગંગા તો વહેતી રહે, એમાંથી તો છાલક મળે તો યે ધન્યતા. એક અમૂલ્ય સંભારણું રહેશે એ શિલ્ડ જે શોભનાબેન મિસ્ત્રી દ્વારા દ્રૂંર નાં નિર્ણાયકની ભૂમિકા માટે મળ્યું.જીવનસંધ્યા આટલી રળિયામણી હોઈ શકે એવું ધાર્યું નહોતું,મનધાર્યા વિષયનું વાંચન, ગુજરાતી ભાષા વિકાસ સંગઠન,વાચિકમ(પ્રજ્ઞા દાદભાવાળા) જેવાં સમૂહોમાં સ્વકૃતિઓ રજૂ કરવાનો અવસર અને દાદ મળ્યાં.

પુસ્તકો કે સામાયિકમાં કૃતિઓ છપાય એ કોઈ પારાશીશી નથી,પણ તમારી સ□દયતા, મનની સચ્ચાઈ લોકમાનસ સુધી પહોંચે એ જ સફળતા યાત્રાની.

સુંદર કાર્યક્રમો દ્વારા જૂનાં અને નવાં કવિઓને ટેરવાના સ્પર્શે મળાયું, એમની રચનાઓને માણી શકાયું...એક સ્વપ્ન પૂર્તિ જ ને!


માયા દેસાઈ ,મુંબઈ ભારત .

સવાલોની ઝડી વરસે, જવાબો ના મળે;
શરુ તો થાય, પણ એનો કિનારો ના મળે!
સિતારો થૈ ચમકવું આસમાને જો કદી,
થશે અરમાન પૂરા, એ ઈશારો ના મળે!
ન તખ્તોતાજ, ના રજવાડું, ના માથે તિલક;
વિચારોમાં બને રાજા, રસાલો ના મળે!
અમીરી કે ગરીબી હોય મનની લાગણી,
અભરખાં રે અધૂરા, તો દિશાઓ ના મળે!
ગઈ તારીખ જો બનશે તવારીખ યદી,
લખાશે ચોપડાં, એનો હવાલો ના મળે!



શૈલા મુન્શા (હ્યુસ્ટન -ટેક્સાસ અમેરિકા )

દિન-પ્રતિદિન ક્યાં થાઇ છે વાર્તાલાપ આપણો
મીઠો ને મધુરો,સંબંધ છે સાવ અધુરો આપણો.....
હું સતત તને કંઈક કહ્યા કરું છું ચાહત મારી
બે દિલો વચ્ચેનો ક્યાં રચાઇ છે સેતું આપણો.....
વાતો ઘણીય વિસ્તારથી તને કહેતો આવ્યો
શબ્દોનો અર્થ છે,અર્થઘટન વિખવાદ આપણો.....
સાંભળ્યું તે બિજાનું ને ખોટો મને તું ચિતરમાં
શબે શબ્દે રહી ગયો કાગળ કોરો જ આપણો..
લઈ લે તું મને વ્હાલથી તારી બાથમાં હવે
રોકી લે તું આ ઘડીને×રસિક×પ્રેમ છે આપણો.



કલારસિક.....


## : વિશ્વાસ છે :

જન્નત સુધી લઈ જશે મને વિશ્વાસ છે,
પ્રેમ ઠામ સુધી લઈ જશે મને વિશ્વાસ છે.
ઠોકરો ઘણી ખાધી હું ખૂદથી વેરાઈ ગયો,
એ પરિધ સુધી લઈ જશે મને વિશ્વાસ છે.
તારો થઈ આભે ટમક્યા કરશું નામ કોતરી,
યાદો મગન સુધી લઈ જશે મને વિશ્વાસ છે.
કેટલી સદીઓ હેત વરસાવશે થંભી જરા,
હ્દયો ઢાળ સુધી લઈ જશે મને વિશ્વાસ છે.
પૂજાશે પછી જોજો પાળિયા બની સીમે,
ગામના ધામ સુધી લઈ જશે મને વિશ્વાસ છે.
મરણ પછી જમાનો શ્વાસતો રહે હર શ્વાસે,
જિંદગી ઉત્સવ સુધી લઈ જશે મને વિશ્વાસ છે.



બાબુ સંગાડા..મહેક
હાલોલ ,ગુજરાત

એક ચહેરાની પાછળ કેટલાં 'ય ચહેરા હોય છે,
જરા જૂનો થાય સંબંધ પછી માણસ પરખાય છે.
વચન, વાયદા'ને વેણ સાવ વીસરી જાય છે,
થોડો સમય વીતે પછી અસલી ચહેરો દેખાય છે.
હે ભગવાન ! જૂઠ્ઠી લાગણીના મહોરાં પહેરી,
પ્રેમમાં કાં આટલાં બધાં નાટક રચાઈ છે !
કહે છે આખી દુનિયાઃ ×પ્રેમ એટલે પરમાત્મા !×
ઈશ્વર ! તારા નામ પર અહીં લાખો છેતરાય છે.
આ તો અહીં બેવફાનો જમાનો છે × ફના ! ×
હૈયાના ટુંકડે - ટુકડા કરી ઉપરથી હરખાય છે.



સંજય શિયાદ ફના (સુરેન્દ્રનગર)

## સ્વાગત કરો

જિંદગી આબાદ કે બરબાદ છે, સ્વાગત કરો,
ખટ્મધુરા આ બધા તો સ્વાદ છે, સ્વાગત કરો.
બહુ બધા વેઠ્યા હશે, તડકા તરસ ને સંકટો,
એ પછી વરસાદ છે આહ્લાદ છે, સ્વાગત કરો.
આંખ ભીંજાશે કદી અવસાદ એવો આવશે,
પર્ણ પર ઝાંકળ સમી આ યાદ છે,સ્વાગત કરો.
છે બધી આ વેદના પણ ક્યાં સુધી પંપાળવી ?
ક્યાંક આંખોમાં ભર્યો ઉન્માદ છે,સ્વાગત કરો.
આંખમાં ખારાશ લઈને ક્યાં જશો આખર પળે?
છે સહજ આનંદ જો સંવાદ છે, સ્વાગત કરો.
ધ્યાનમાં ધીમું કદી સંભળાય છે, જંતર હવે,
એ ગગનભેદી અલખનો નાદ છે, સ્વાગત કરો.
આ હ્દયમાંથી સરેલો શબ્દ ખાલીખમ નથી,
શબ્દનું પણ છે વજન, ઈર્શાદ છે સ્વાગત કરો.



નૈષધ મકવાણા. (દાહોદ)

# ડાંગના પ્રજાકલ્યાણના કામો પરત્વે જિલ્લા અધિકારીઓ અને પદાધિકારીઓને પરસ્પર સંકલન સાથે કામગીરી કરવાનો અનુરોધ કરતા પ્રભારી મંત્રીશ્રી

આહવા

કોરોના ની સંભવિત ત્રીજી લહેરને ઉગતી જ ડામી દેવાની સતર્કતા સાથે, ગ્રામ્ય કક્ષાએ સબ સેન્ટરો, અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કક્ષાએ જ, અસરકારક ટેસ્ટિંગ કરીને જરૂરિયાતમંદ દર્દીઓને હોમ આઇસોલેશનમા રાખવાની તકેદારી દાખવવાની સૂચના, ડાંગના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલે આપી છે.

અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારના પ્રાથમિક લક્ષણો ધરાવતા પ્રજાજનોને જરૂર પડ્યે હોમ આઈસોલેશનમા રાખીને, જરૂરી સારવાર માટેની કીટ ઉપલબ્ધ કરાવી તેમની સુવ્યવસ્થા હાથ ધરવાની હિમાયત કરતા મંત્રીશ્રીએ આરોગ્ય વિષયક મેન પાવર, સાધન સુવિધાની સમીક્ષા હાથ ધરી હતી.

કોરોનાના કેર ને જોતા ઓનલાઈન શિક્ષણને વધુ અસરકારક બનાવવાની સૂચના આપતા મંત્રી શ્રી નરેશભાઈ પટેલે અસરકારક સંદેશા વ્યવહારની પણ હિમાયત કરી હતી.

સ્થાનિક રોજગારીને પ્રાધાન્ય આપતા મનરેગાનુ સઘન આયોજન કરવાની સૂચના આપતા મંત્રીશ્રીએ, આંતર રાજ્ય સરહદને અડીને આવેલા ડાંગ જિલ્લાના શ્રમિકોની, મહારાષ્ટ્ર રાજ્ય તરફની રોજિંદી અવરજવર વેળા અસરકારક ટેસ્ટિંગ, ચેકિંગની તકેદારી દાખવવાની પણ સૂચના આપી હતી.

આહવા સહિત વઘઇ, સુબિર, સાપુતારા જેવા મોટા નગરોમા ટેસ્ટિંગ, અને વેક્સિન બુથ ઊભા કરીને પ્રજાજનોના ટેસ્ટિંગ, વેક્સિનની કામગીરીને વધુ તેજ બનાવવાની પણ મંત્રીશ્રીએ સૂચના આપી હતી.

પ્રભારી મંત્રીશ્રીએ સિવિલ સહિત ઞઁઞ, ઁઞ, કક્ષાએ ઓક્સિજન પ્લાન્ટ, કન્સંનટ્રેશન મશીન, વેન્ટિલેટર, ઓક્સિજન બેડ, ઓક્સિજનની જમ્બો અને મીની બોટલો, દવાનો જથ્થો, આરોગ્ય કર્મચારીઓની સેવાઓ જેવી બાબતે પણ વિશેષ પૃચ્છા કરી, સૂક્ષ્મ જાણકારી મેળવી ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

આહવા ખાતે જિલ્લા સેવા સદનના સભાખંડમા યોજાયેલી પ્રભારી મંત્રીશ્રીની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમા મંત્રીશ્રીએ જિલ્લાના અન્ય વિભાગોના વિકાસ કામોની પણ સમીક્ષા કરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઇ ગાવિત, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ વિગેરેએ પણ ઉપયોગી જાણકારી આપવા સાથે પૂરક વિગતો રજુ કરી હતી.

જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.વિપિન ગર્ગ એ જિલ્લાનુ સમગ્રતયા ચિત્ર રજુ કરી, મંત્રીશ્રીને જરૂરી વિગતો રજૂ કરી હતી.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.હિમાંશુ ગામીતે આરોગ્ય વિષયક ચિત્ર રજુ કર્યુ હતુ. નિવાસી અધિક કલેકટર શ્રી પી. એ.ગામીતે બેઠકનો કાર્યભાર સંભાળતા સુચારૂ સંકલન સાધ્યુ હતુ.

બેઠકમા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નાયબ વન સંરક્ષકો સર્વ શ્રી અગ્નિશ્વર વ્યાસ અને નિલેશ પંડ્યા સહિત જિલ્લાના જુદાજુદા વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો.

ઉલ્લેખનિય છે કે, આજની તારીખે ડાંગ જિલ્લામા ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના ૨૪,૬૩૩ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ૧૧,૮૭૮ લાભાર્થીઓ (૫૮ ટકા)ને રસીનો પ્રથમ ડોઝ આપી દેવામા આવ્યો છે. જ્યારે ૧૮ થી ઉપરની વયજૂથના ૧ લાખ ૯૦ હજાર ૬૨૬ ના લક્ષ્યાંક સામે ૧ લાખ ૬૬ હજાર ૪૮૧ (૮૭ ટકા) ને પ્રથમ, અને ૧ લાખ ૧૮ હજાર ૮૯૧ ને (૭૧ ટકા) બીજો ડોઝ આપી દેવામા આવ્યો છે.

કોરોના સામે ×અમોઘ શસ્ત્ર પુરવાર થયેલા રસીકરણને વધુ વ્યાપક બનાવી, સત્વરે તમામ લક્ષિત લાભાર્થીઓને રસી આપી દેવાનુ મંત્રીશ્રીએ આહવાન કર્યુ હતુ.

બેઠકના બીજા દૌરમા મંત્રીશ્રીએ જુદા જુદા યોજનાકીય કામોના અમલીકરણ અધિકારીઓને સુચારુ સંકલન સાથે વિકાસ યોજનાઓને વેળાસર પૂર્ણ કરવાની સૂચના આપી હતી.

ગ્રામ્ય કક્ષાની સામુહિક યોજનાઓમા વ્યાપક લોકભાગીદારી કેળવી, આવી યોજનાઓના સુફળ છેવાડાના લોકો સુધી પહોંચાડવાની પણ મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

પ્રાકૃતિક ડાંગની ચર્ચા કરતા મંત્રીશ્રીએ ઉદવહન સિંચાય યોજના, ૧૨ મિટરની ઊંચાઈના મધ્યમ કદના ડેમની આવશ્યકતા, નાગલી અને તેના વેલ્યુ એડેડ ઉત્પાદનો જેવા મુદ્દે ભવિષ્યના લાભો વર્ણવી સૌને સતર્કતા, જાગૃતિ, અને ચોકસાઈ સાથે કામગીરી કરવાની હિમાયત કરી હતી. મંત્રીશ્રીએ જિલ્લાના વિકાસ કામો બેવડાઈ નહિ તે જોવાની પણ સૂચના આપી હતી.

આહવા ડાંગ,નરેન્દ્ર પવાર



# ખંભીસર ગામમાં પશુપાલન સાથે સંકળાયેલ ૧૦ થી વધુ દીકરીઓએ લોકરક્ષક દળની શારીરિક કસોટી પાસ કરી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ખોબા જેવડા ખંભીસર ગામના સો થી વધુ શિક્ષકો રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવી રહ્યા છે ખેતીના વ્યવસાય સાથે શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર છે હાલ રાજ્ય સરકાર દ્વારા પીએસઆઈ અને કોન્સ્ટેબલની ભરતી માટે હાલમાં શારીરિક કસોટી ચાલી રહી છે ત્યારે મોડાસાના ખંભીસર ગામમાંથી ૨૫ થી વધુ યુવક-યુવતીઓએ લોકરક્ષક દળની શારીરિક કસોટી સફળતા પૂર્વક પાસ કરી છે જેમાં પરિવારના પશુપાલનના ધંધામાં પરિવાર સાથે ખભે ખભા મીલાવી તનતોડ મહેનત કરનાર ૧૦ થી વધુ દીકરીઓ શારીરિક કસોટીમાં મેદાન માર્યું છે. મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં પશુપાલન અને ખેતી ના વ્યવસાય સાથે જોડાયલા પરીવારના દીકરા-દીકરીઓએ પીએસઆઈ બનવાનું સ્વપ્ન પુર્ણ કરવા માટે તનતોડ મહેનત કરી શારીરીક કસોટીમાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો, જેના ભાગરુપે ગામમાંથી ૨૫થી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી પાસ કરી છે અને હાલ અભ્યાસ,ઘરકામની સાથે લોકરકક્ષક દળની લેખિત પરીક્ષા પાસ કરવા માટેની તૈયારીમાં લાગી ગયા છે શારીરિક કસોટી પાસ કરનાર યુવક-યુવતીઓમાં સરકારી નોકરી મેળવવા માટે ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે

કહેવાય છે કે અડગ મન ના મુસાફરને હિમાલય પણ નડતો નથી તે ઉક્તિને સાર્થક કરી હોય તેમ ખંભીસરના દીકરા-દીકરીઓએ છેલ્લા ત્રણેક મહિનાથી કડકડતી ઠંડીમાં પરસેવો વહાવ્યો હતો અને સતત ત્રણેક મહિનાની પ્રેક્ટીસના કારણે પગે ઉઝરડા થઈ ગયા હોવા છતાં પણ મકકમ મનોબળ રાખી પરીક્ષા પાસ કરી હતી. શારીરિક કસોટીની ટ્રેનિંગ માટે ગામના વ્યાયામ પ્રવાસી શિક્ષક તરીકે ફરજ બજાવી ચુકેલા કેતન પટેલ દ્વારા વહેલી સવારથી દીકરા દીકરીઓએ તનતોડ ટ્રેનિંગ આપવામાં આવતી હતી.પચ્ચસીથી વધુ ઉમેદવારોમાં દસથી વધુ દિકરીઓએ પણ ઘર અને અભ્યાસની સંપુર્ણ જવાબદારી હોવા છતાં સવારે તબેલાનું કામકાજ પુર્ણ કરી વહેલી સવારના પાંચ વાગે મેદાનમાં હાજર થઈ પોતાનું શારીરિક કસોટી પુર્ણ કરવાનું લક્ષ સિદ્ધ કર્યું હતું.

ગામના યુવાનોએ મેદાન અને વાંચવા માટે વ્યવસ્થા કરવામાં આવી

પોલીસ ભરતીમાં ગામમાંથી મોટી સંખ્યામાં યુવક યુવતીઓ પાસ થાય તે માટે ખંભીસર ગામના યુવાનો દ્વારા શ્રી ગંગાનાથ મહંત વિદ્યાલયમાં પોલીસ ગ્રાઉન્ડ બનાવામાં આવ્યુ હતું તેમજ શારીરિક પરીક્ષા પાસ કરનાર માટે ગામમાં જ વાંચવા માટેની અલગ વ્યવસ્થા યુવાનો દ્વારા ઉભી કરવામાં આવી હતી જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાના અનુભવી યુવાનો દ્વારા વિવિધ વિષયોની તૈયારીઓ કરાવવામાં આવી રહી છે




આજે હેબતપુર થલતેજ ખાતે અમદાવાદ બારશાખ રાજપૂત ક્ષાતિપંચ દ્વારા ટેનિસ કિકેટ ટુર્નામેન્ટ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા આઠ ટીમો એ ભાગ લીધો હતો જેમા શાંતિવન સી.સી. અને સેટેલાઇટ સમેશઁસ વચ્ચે ફાઈનલ રમાય હતી જેમા શાંતિવન સી.સી. વિજેતા થઈ હતી આ પ્રસંગે સમાજ ના યુવાનો તેમજ સમાજ ના લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

# સતત ૧૩ વર્ષ થી યુવાન દિકરા ની યાદી જીવંત રાખવા કેવલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ



કોરોના કેસ હવે દિવસે ને દિવસે વધી રહ્યા કેવલ ચેરીટેબલ ટ્રસ્ટ, ગુરૂકૃપા ફાઉન્ડેશન અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ના સહયોગથી નારણપુરા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો કેવલ ચેરીટેબલ ટ્રસ્ટ ના જયેશભાઈ ના યુવાન દિકરા કેવલ નું આકસ્મિક અવસાન ૧૩ વર્ષ પહેલાં થયેલ તેમણે તેમના દિકરા કેવલ ને જીવંત રાખવા બ્લડ ડોનેશન કેમ્પ રાખવા નક્કી કર્યું અને સતત ૧૩ વર્ષ થી ૪૦૦ થી વધુ યુનીટ બ્લડ એકત્ર કરવામાં આવે છે. આજે ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા જીવદયા સંસ્થા ને ૫૧૦૦૦ નો ચેક આપવામાં આવ્યો હતો ઉતરાણ આવી રહી છે ત્યારે અબોલ જીવો ને જીવ બચાવવા સંસ્થા ખુબ સુંદર કામ કરે છે આજે એક દિકરી પહેલી વખત જ બ્લડ ડોનેશન કરવા આવી હતી તેનું કહેવું હતું કે અત્યારે કોરોના સમયમાં યુવાનો જો આવા કેમ્પ માં જોડાઈ જશે તો ક્યારેય બ્લડ ની અછત ઉભી નહી થાય એક ભાઈ તેમના દરેક જન્મ દિવસની ઉજવણી બ્લડ ડોનેશન કરી ઉજવે છે આજે તેમનો જન્મ દિવસ હતો

# ગુજરાતના દરિયાકિનારેથી 'યાસીન' બોટ ઝડપાઈ, ૧૦ પાકિસ્તાનીઓની ધરપકડ કરાઈ

પોરબંદર,તા.૯

કોસ્ટ ગાર્ડે ગુજરાતના દરિયાકાંઠેથી અરબી સમુદ્રમાંથી ૧૦ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામ પાકિસ્તાની બોટ 'યાસીન'માં સવાર હતા. આ ઘટના ૮ જાન્યુઆરીની રાત્રે બની હતી. ઓપરેશનના ભાગરૂપે કોસ્ટ ગાર્ડે તેઓને પકડી લીધા હતા. બોટ સહિત પાકિસ્તાનીઓને હાલ પૂછપરછ માટે પોરબંદર લાવવામાં આવી રહ્યા છે. આ પહેલીવાર નથી જ્યારે પાકિસ્તાની બોટ પકડાઈ હોય. આ પહેલા પણ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ગુજરાતના દરિયાકાંઠે એક બોટ ઝડપાઈ હતી. જેમાં પાકિસ્તાનના ૧૨ ક્રૂ મેમ્બર હતા. બે દિવસમાં બીજી પાકિસ્તાનની બોટ પકડાઈ છે. આ પહેલા પણ શુક્રવારે પંજાબના ફિરોઝપુર જિલ્લામાં બોર્ડર પર BSFએ પાકિસ્તાનની એક બોટ પકડી હતી.

# ઉત્તરાયણમાં દારૂની ડિમાન્ડ વધતા બુટલેગરો સક્રિય
# શામળાજી પોલીસે લકઝુરિયસ કારમાંથી રેડ લેબલ વીસ્કીની ૭૨ બોટલ સાથે ૨ ને દબોચ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ઉત્તરાયણ પર્વમાં વિદેશી દારૂની ડિમાન્ડમાં નોંધપાત્ર વધારો થતા વિદેશી દારૂ, બિયર અને ક્વાંટરીયાનો ભાવ આસમાને પહોંચતો હોય છે વિદેશી દારૂની ખપતને પહોંચી વળવા બુટલેગરો નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક લકઝુરિયસ કારમાંથી ૭૨ મોંઘીદાટ બોટલ સાથે રાજસ્થાની બે ખેપિયાને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા કારમાં ભરેલ દારૂ ગુજરાતમાં પ્રવેશી મોબાઈલ પર સૂચના મળે તે સ્થળે બુટલેગરને પહોંચાડવાનો હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી



શામળાજી પીઆઈઆઈ ભરત ચૌહાણ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું છે રાજસ્થાન બાજુથી શંકાસ્પદ ઝડપ સાથે આવતી ટોયાટો કોરોલા કારને અટકાવી તલાસી લેતા કારની શીટની પાછળ આવેલ ખાનામાંથી છૂટી પડી રહેલી વિદેશી દારૂ રેડ લેબલ વીસ્કીની ૭૨ બોટલ કી.રૂ.૧૧૩૦૪૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક દિપક ભંવરલાલ સેન અને પ્રભુ મોતીલાલ પ્રજાપતિ (બંને,રહે,રાજસ્થાન) ને દબોચી લઈ વિદેશી દારૂ,કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૩.૧૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર ઉદેપુરના નરેન્દ્ર મેવાડા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# સામાજિક સંસ્થાઓ દ્વારા નેત્રનિદાન કેમ્પ ,માસ્ક વિતરણ, કોરોના જાગૃતિ અભિયાન ત્રિવિધ કાર્યક્રમ યોજાયેલ



દેશભરમાં કોરોના ની ત્રીજી લહેર ચાલુ થઈ છે ત્યારે લોકોને જાગૃત કરવા ની સાથે આંખોની તકલીફ તકલીફ વાળા જરૂરિયાત મંદ લોકો માટે જલારામ સેવા ટ્રસ્ટ. જાયન્ટસ મોડાસા દ્વારા જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ .જીવદયા પ્રેમી નિલેશ જોશી ની અધ્યક્ષતા માં આયોજન કરવામાં આવ્યું નેત્ર નિદાન કેમ્પ માં ૩૪૬ જરૂરિયાત મંદ દર્દીઓએ પોતાની આંખોની તપાસ કરાવી જેમને દૂર અને નજીકના ચશ્મા હતા ચોખું જોઈ શકતા નહોતા તેવા દર્દીઓએ દૂર અને નજીકના ચશ્મા ૬૩૨ ચશ્મા દર્દીઓને વિતરણ કરવામાં આવ્યું. આવેલા દરેક વ્યક્તિઓને જાયડસ મોડાસા રામાણી બેંક દ્વારા માસ્ક વિતરણ આવેલી કોરોના ની ત્રીજી લહેર માટે માટે શું તકેદારી રાખવી પડે . સેના કારણે ફેલાય છે તેમની સમજણ આપતી વાત કરવામાં આવી આ કાર્યક્રમમાં મોડાસા જાયન્ટ્સ પ્રમુખ પ્રવીણ પરમાર રામાય . નવા વડવાસા દૂધ મંડળી ના ચેરમેન અરવિંદ ચૌહાણ શાળાના આચાર્ય જલારામ ટ્રસ્ટના પી.આર.ઓ બી.પી બામણીયા સમગ્ર નેત્રનિદાન કેમ્પ નું સંચાલન કર્યું હતુંઅને ગામ લોકો હાજર રહ્યાં

# અરવલ્લી : સરકારી પ્રાથમિક શાળાના સુપર થર્ટી વિદ્યાર્થીઓ માટે એક્પર્ટ ક્લાસીસનો પ્રારંભ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

જિલ્લા પંચાયત અરવલ્લીના સ્વ ભંડોળમાં શિક્ષણની છ જેટલી નવીન યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે જે પૈકીની એક મહત્વની યોજના ડો.સર્વપલ્લી રાધકૃષ્ણન્ સુપર થર્ટી બેચ. આ યોજના અંતર્ગત જિલ્લાના તમામ છ તાલુકામાં ધોરણ છ ના ત્રીસ વિદ્યાર્થીને અલગ અલગ સરકારી પ્રા. શાળામાંથી પસંદ કરવામાં આવશે. જે અંતર્ગત પ્રથમ બેચની શરૂઆત તારીખ ૦૮/૦૧/૨૨ ના રોજ મોડાસા ખાતે કરવામાં આવી. આ યોજના અંતર્ગત પસંદ કરાયેલ વિદ્યાર્થીઓને JEE, NEET,



IAS, IPS અને બીજી મહત્વની સ્પર્ધાત્મક પરીક્ષા માટે દર શનિવારે અને રવિવારે ત્રણ ત્રણ કલાક, એક્સપર્ટ શિક્ષકો દ્વારા ટ્રેનિંગ આપવામાં આવશે. આ યોજના દીર્ઘ કાલીન ધ્યેય ને નક્કી કરીને શરૂ કરવામાં આવેલ છે.

જિલ્લા પ્રાશિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે આ યોજનાના લોન્ચિંગ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી,જિલ્લા પંચાયત પ્રમુખ અને શિક્ષણ સમિતિના ચેરમેનનો આભાર માન્યો હતો. વધુમાં તમામ ત્રીસ બાળકોને ટી-શર્ટ ભેટ આપનાર વિનોદભાઈ પટેલ નો પણ આભાર માન્યો હતો. અરવલ્લી ભવિષ્યમાં તમામ ક્ષેત્રમાં લીડર તૈયાર કરશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર યોજનામાં પોતાની સેવા આપવા અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકો એ તૈયારી બતાવીને એક ઉમદા પ્રેરણા પૂરી પાડેલ છે અને યોજનાની સફળતા માટે કટિબદ્ધતા દર્શાવેલ છે

# ભારત માતા અભિનદન સંગઠન હરિયાણા અને ગુજરાત ની માંગ પૂર્ણ થઈ ૨૬ ડિસેમ્બર ને બાલ દિવસ ઘોષિત કર્યો

ભારત માતા અભિનંદન ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અને ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પી ડી મિત્તલ એડવોકેટ દ્વારા ગુજરાત ના મુખ્ય મંત્રી શ્રી વિજય રૂપાની સાહેબ ને અને પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ને ગુરુ ગોવિંદ સિંહ જી ના પુત્રો ના બલિદાન ને સાર્થક કરવા માટે ૨૬ ડિસેમ્બર ને બાલ બલિદાન દિવસ જાહેર કરવા માંગણી કરવામાં આવી હતી,

૨૬ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ભારત દેશ મા ઠેર ઠેર બાલ બલિદાન અનેક સંસ્થાઓ દ્વારા ઉજવવા આવ્યો હતો ગાંધી નગર ના ભારત માતા અભિનંદન સંગઠન ના ગુજરાત અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ દ્વારા ઑન લાઈન કવિ સંમેલન હિન્દી માં આયોજિત કરવામાં આવ્યું હતું અને સેક્ટર ૧૪ ખાતે ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ ની સામે બાલ બલિદાન દિવસ ઉજવાયો હતો શહીદો ના માન માં બે મિનિટ નું મૌન પાળવામાં આવ્યું હતું. ભારત ના સંવેદનશીલ પ્રધાન મંત્રી ગુજરાત ના તથા સમગ્ર દેશના લોક લાડલા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા અને ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત ની માંગણી પૂર્ણ કરી છે, પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ નો ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત પ્રદેશ તથા હરિયાણા ખૂબ ખૂબ આભાર માને છે.

ડૉ ગુલાબચંદ પટેલ

## લુણાવાડાના બ્રેઇનડેડ ગિરિશચંદ્રના અંગદાનથી મળેલા લીવરથી પીડિતનું જીવન બદલાયુ

# બ્રેઇનડેડ ગિરિશચંદ્રએ જીવનની અંતિમ ક્ષણોમાં "ચિઠ્ઠી લખીને" અંગદાનની અંતિમ ઇચ્છા દર્શાવી

ચાર વર્ષથી કિડનીની ગંભીર બિમારીથી પીડાઇ રહેલા લુણાવાડાના ગીરીશચંદ્ર નિયમિતપણે ડાયાલિસીસની સારવાર હેઠળ હતા. ૧૨ મી નવેમ્બરના રોજ તેમને બ્રેઇન હેમરેજ થતા લુણાવાડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા. ૧૫ મી નવેમ્બરના રોજ તેમની સર્જરી કરવામાં આવી જેથી સ્થિતિમાં થોડો સુધાર આવ્યો. ૧૯ મી નવેમ્બરમાં રોજ ગીરીશચંદ્રને ભાન આવતા તેમણે પોતાના દિકરા મેહુલભાઇ પાસે એક કાગળ અને પેન માંગી અને ચબરખીમાં લખ્યું :

"અંગદાન કરશો..મારા શરીરમાં કિડની સિવાય હાથ - પગ સહિતના તમામ અંગો સારા છે..બધા અંગો સાજા અને પાવરફુલ છે...અને નીચે સહી કરી"(ચબરખીના અંશો)



ખરેખર ગીરીશચંદ્ર એવું કહેવા માંગતા હતા કે, જો હું બ્રેઇનડેડ થઇ જાવ તું મારા શરીરના અંગોનું દાન કરશો. છેલ્લા ૪ વર્ષથી કિડનીની અતિગંભીર સમસ્યાના કારણે તેઓ ઘણી તકલીફમાંથી પસાર થયા હતા અને એટલે જ તેમને અંગદાન કેટલું મહત્વનું છે તે ખબર હતી.જીવન અને મોત વચ્ચે ઝઝૂમી રહેલા ગિરિશચંદ્રએ જીવનની અંતિમક્ષણોમાં પોતાની અંતિમ ઇચ્છામાં અંગદાનનું સત્કાર્ય કરવા કહ્યું. સિવિલ હોસ્પિલમાં ૧ લી ડિસેમ્બરના રોજ સારવાર અર્થે ગીરીશચંદ્રને દાખલ કરવામાં આવ્યા. ૪૭ દિવસની સારવારના અંતે તેઓને ૭ મી જાન્યુઆરીના રોજ બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા. બ્રેઇનડેડ થતા ગિરિશચંદ્ર જોષીના પુત્ર મેહુલભાઇ જોષી કે જેઓ ભારતીય નૌ સેનામાં સેવારત છે તેઓએ સિવિલ હોસ્પિટલની ટીમને અંગદાન માટે સામેથી કહ્યું.

સિવિલ હોસ્પિટલની SOTTO(State Organ Tissue And transplant Organisation)ની ટીમ દ્વારા અંગદાન માટે ગીરીશચંદ્ર જોષીના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા.જેમાંથી તેમના શરીરની પરિસ્થિતી જોતા લીવરનું દાન મળવુ શક્ય હતુ. જેથી ટીમ દ્વારા તેમના બ્રેઇનડેડ શરીરમાંથી લીવરને રીટ્રાઇવ કરીને કિડની હોસ્પિટલમાં જરૂરિયાતમંદમાં પ્રત્યારોપણ કરવા માટે મોકલવામાં આવ્યું. અંગદાન સફળ થયા બાદ સ્વ. ગિરિશચંદ્રના પુત્ર મેહુલભાઇ સાથે સંવાદ કર્યો ત્યારે તેમના વિચારોમાં તેમના પિતાના સંસ્કાર અને સિંચનની પ્રતિતી થઇ તેમણે કહ્યું કે, ભારતીય ઇતિહાસમાં ઋષિ દધિચીએ મનુષ્ય અવતારમાં દેવોના રક્ષણાર્થે પોતાના અંગોનું દાન કર્યું હતું તેમ નોંધાયેલું છે. મનુષ્ય જયારે જીવનની અંતિમ ક્ષણોમાં હોય છે ત્યારે તે સત્યની સમીપે જતો હોય છે. મૃત્યુ એ જીવનનું ખરુ સત્ય છે જેને લોકોએ સ્વીકારવું જોઇએ. સત્યને પામનરા વ્યક્તિ દેવ બની જાય છે. આ પરિસ્થિતિમાં વ્યકિત દ્વારા મળેલા દાનને દેવદાન ગણવામાં આવે છે. અંગદાન એ દેવદાન છે. દેવદાન મંત્ર શક્તિ થી ઉજાગર થતુ હોય છે ત્યારે અંગદાન પોતે જ દેવશક્તિને ઉજાગર કરે છે.મારા પિતાશ્રીના અંગદાન થકી જરૂરિયાતમંદ દર્દીના જીવનમાં બદલાવ આવ્યો તેનાથી મોટા ગર્વ લાગણી અમારા સમગ્ર પરિવારજનો માટે અન્ય કોઇ ન હોઇ શકે. સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, સિવિલ હોસ્પિટલના ૩૦ માં અંગદાનની આ ઘટના એક અનોખી ઘટના હતી.જ્યારે હોસ્પિટલના તબીબો રાઉન્ડ ધ ક્લોક મહેનત કરીને લોકોમાં અંગદાનની જાગૃતિ ફેલાવવા માટે કામગીરી કરી રહ્યા છે ત્યારે ગિરિશચંદ્ર જોષીના કરેલા અંગદાનના સત્કાર્યની સુવાસ સમાજના દરેક વર્ગ, સમગ્ર રાજયમાં સેવાકાર્યનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ અંકિત કરશે.

અમિતસિંહ ચૌહાણ

# ચાણસ્મા ખાતે કાનજી દાસ વ્યાસ માઢના સમસ્ત પરિવારજનો દ્વારા શ્વાનો માટે લાડુ બનાવવામાં આવ્યા



શિયાળાની ઋતુમાં ઉતરાયણ પર્વ નજીક આવતાની સાથે જ વિવિધ સંસ્થાઓ તેમજ વિવિધ સેવાકાર્ય કરતા લોકો દ્વારા શ્વાનો માટે લાડુ તૈયાર કરવામાં આવતા હોય છે ત્યારે આજરોજ ચાણસ્મા ખાતે પણ લાડુ તૈયાર કરવામાં આવ્યા હતા

મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે ઉતરાણ પર્વ નિમિત્તે માટે વિવિધ સંસ્થાઓ દ્વારા લાડુ બનાવવામાં આવી રહ્યા છે જે અનુસંધાનેચાણસ્મા ખાતે કાનજી દાસ વ્યાસ મઢના સમસ્ત પરિવારજનો દ્વારા શ્વાનો માટે લાડુ બનાવવામાં આવ્યા હતા તેમજ સમગ્ર ચાણસ્મા શહેર ની અંદર આવેલ દરેક મોહલ્લા, પોળ તેમજ સોસાયટીઓમાં શ્વાનોને લાડુ મૂકી ધન્યતા અનુભવી હતી

તસવીર ,અહેવાલ નિખિલ જોશી ચાણસ્મા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.